
સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણામાં વસતો વાળંદ બંધુ શિક્ષિત, સંસ્કારી, સ્વાશ્રયી, સુખી અને શહેરી બને તે ધ્યેય દ્દષ્ટિ સમક્ષ રાખીને કાર્યરત સંગઠન એટલે ગુજરાત વાળંદ સેવા સંઘ

# વાળંદ વિકાસ



દરેક અંગ્રેજી મહિનાની બીજી તારીખે પ્રસિદ્ધ થાય છે

વર્ષ : ૬૮ ● અંક - ૪ ● એપ્રિલ ૨૦૨૪ ● છૂટક પ્રત રૂ. ૧૦/-

આદ્યતંત્રી : સ્વ. મોહનલાલ મુળજીભાઈ વાળંદ (મેજીસ્ટ્રેટ)

-: 'સંઘ'ના સંસ્થાપકો :-



સ્વ. મોહનલાલ વાળંદ



સ્વ. રેવાભાઈ નાયી




સ્વ. ગોરધનદાસ દલાલ





-: 'સંઘ'ના ઉધ્ધારકો :-



સ્વ. જ્યોતીન્દ્રભાઈ નાયી



સ્વ. શારદાબેન નાયી



સ્વ. કાંતિભાઈ નાયી

## નવીન બહુમાળી સમાજ ભવન

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાનરૂપી નવિન વિદ્યાર્થીગૃહ ઇમારતનું ભવ્ય નજરાણું

**સમાજ સંકલ્પ કરે છે. આ ગૌરવરૂપ પ્રોજેક્ટ આપ સર્વેના સાથ-સહકાર થકી સમાજમાં શૈક્ષણિક ક્રાંતિનું પ્રતિબિંબ બની રહેશે.**

બેંક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા
બેંક ખાતા નં. ૧૦૦૨૯૮૪૧૨૧
**ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ**
સ્થાપના ૨૦ એપ્રિલ, ૧૯૫૭,
પબ્લિક રજિ. નં. એ-૧૮૨૪

SHREE GUJARAT VALAND S
10787086@cbin

**દાન જમા કરાવવા માટે ક્યુઆર કોડ**

**નમ્ર અપીલ : સમાજનો કોઈ જ્ઞાતિબંધુ આ શૈક્ષણિક ભવનમાં યથાયોગ્ય દાન આપ્યા વિના ન રહી જાય તેવી વિનંતી.**

**નોંધ : આ પ્રોજેક્ટ માટે સંસ્થાને આપેલ દાન આવકવેરા ધારાની કલમ 80(G) હેઠળની જોગવાઈ મુજબ કરમુક્તિને પાત્ર છે.**

કાર્યાલય : વાળંદવિકાસ, પંકજ વિદ્યાલય સામે, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬ ફોન : ૦૭૯-૨૬૩૦૩૦૨૮ 
website : www.valandsevasangh.org

## ભાવાંજલિ



# સ્વ. હીરાબેન બાબુલાલ પારેખ

**સ્વ. તા. ૦૨-૦૨-૨૦૨૪, ઉંમર : વર્ષ ૯૭, ગામ : આંબલીયારા**

આંબલીયારા (તા. બાયડ)ના મૂળ વતની અને સુપ્રસિદ્ધ ભૂમિકા ટ્રાવેલ્સના શ્રી એસ. બી. પારેખ (ટ્રસ્ટીશ્રી ગુ.વા.સેવા સંઘ)ના માતૃશ્રી પૂ. હીરાબા ૯૭મા વર્ષે પરમપિતા પરમેશ્વરના ધામમાં લીન થયા છે. ચાર સુપુત્રીઓ અને ત્રણ સુપુત્રોના જનનીની જીવનચર્યા તા. ૧-૧-૨૦૨૩ના રોજ પરિવારે ધામધૂમથી ઉજવી. માતૃપૂજનનો પ્રસંગ અભિવાદનની સાથે કૃતજ્ઞતા વ્યક્ત કરતો અને આવનારી પેઢીને પ્રેરણા આપતો મહોત્સવ નિહાળી ગૌરાન્વીત બનીને એક વર્ષ બાદ સ્વધામ ગયા. લીલીવાડી-હસતો પરિવાર-ચાર-ચાર પેઢીઓ જોઈને સંતૃપ્ત થઈ ધન્ય બનીને ગયા. પરિવારના પ્રેમની લીલોતરી થકી ધન્ય થઈ ગયા.

સ્વ. હીરાબા પ્રભુમય પવિત્ર જીવન જીવી અંતિમ પડાવને આધ્યાત્મિક રીતે વધાવ્યો. સ્વભાવે શાંત, ધીર, ગંભીર અને પરગજુ હિરાબાએ સંસારબાગમાંથી વિદાય લીધી. કરુણા-પ્રેમ અને સેવામય જીવનની ભાવાંજલિ, સુધાભરી સ્નેહાંજલિ સાથે સાદગીભરી જિંદગી-ઘસાઈને ઊજળા થવાની ભાવના સંતાનોને વારસામાં આપી ગયાં છે.

હીરા જેવી સુંદરતા જેવું નામ તેવા ગુણ એવા પુણ્યશાળી આત્માને અંજલિ આપતાં શબ્દો ખુટે છે. માતૃઋણ ચૂકવવા સંતાનો અસમર્થ છે. છતાં માનવું પડે છે કે,

'આત્મા અમર છે, આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી ઓગાળી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી.'

સમગ્ર પરિવાર આપના દિવ્ય આત્માને દિવ્ય શાંતિ માટે પ્રાર્થના કરતા સનાતન મૃત્યુને સ્વીકારે છે.

## શોકાતુર પરિવારજનો

**શ્રી એસ. બી. પારેખ (પુત્ર)-ભૂમિકા ટ્રાવેલ્સ (મો.૯૮૨૫૯૭૫૨૩૬)**
**શ્રી નિરવ એસ. પારેખ (પૌત્ર) - યુ.કે.**
**શ્રી સાગર કનુભાઈ પારેખ (પૌત્ર) - આફ્રિકા**
**શ્રી પ્રકાશ મનુભાઈ પારેખ (પૌત્ર) - આફ્રિકા**

**અ.સૌ. આશાબેન એસ. પારેખ**
**ગં. સ્વ. ભીખીબેન મનુભાઈ પારેખ-આફ્રિકા**
**ગં. સ્વ. કાન્તાબેન કનુભાઈ પારેખ-આફ્રિકા**

**શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ હિરાબાને શ્રદ્ધાંજલિ પાઠવે છે.**

# ગુજરાત વાળંદ સેવા સંઘ

(પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ૧૮૨૪)


: પ્રમુખ :

**શ્રી વિપુલભાઈ વી. દલાલ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૪૫૨૫૨૪૪, વોટ્સેપ નં. +1 (678) 677-0003

: મંત્રી :

**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય (ટ્રસ્ટી)**
મો. ૭૪૦૫૮૨૮૯૫૫

: ઉપપ્રમુખ :

**શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ (ટ્રસ્ટી)**
મો. ૯૯૦૯૦૦૧૯૭૦

**શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ બાવરિયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૬૩૪૨૫૬

**શ્રી પંકજભાઈ કે. નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૦૯૮૮૮૭

**શ્રી વિજયભાઈ ધીરુભાઈ બગથરીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૦૮૯૦૦૧

: સહમંત્રી :

**શ્રી વિજયભાઈ મણીલાલ લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૩૦૫૩૬૨

**શ્રી પ્રવિણકુમાર શીવરામભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૪૨૮૦૦૮૭૫૪

**શ્રી મહેશભાઈ પ્રવીણભાઈ જોટંગીયા (ટ્રસ્ટી)**
મો. ૮૩૪૭૩૮૮૮૮૮

: કોષાધ્યક્ષ :

**શ્રી નરોત્તમભાઈ હેમાભાઈ નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૯૮૯૫૯૩૦૫

: અન્વેષક :

**શ્રી મૌલિકભાઈ ભરતભાઈ પારેખ (સી.એ.)**
મો. ૯૬૩૮૧૮૦૦૦૭

: શ્રી પુંધરા વાળંદ વિદ્યાર્થી ગૃહ :

**ચેરમેન : શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૭૭૬૯૦૦

**વા.ચેરમેન : શ્રી અલ્પેશભાઈ મધુસુદન લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૧૧૧૨૯૫

**મંત્રી : શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાક્ટર (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૬૯૬૮૬૯

: રેવાબા સાંસ્કૃતિક હોલ :

**ચેરમેન : શ્રી અરવિંદભાઈ એસ. દમણી (ટ્રસ્ટી)**
મો. ૯૩૭૭૫૬૦૮૪૨

**વાઈસ ચેરમેન : શ્રી મયુરધ્વજ કે. લિમ્બાચિયા (ટ્રસ્ટી)**
મો. ૯૪૨૬૩૬૭૦૭૭

**મંત્રી : શ્રી એસ. બી. પારેખ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૯૭૫૨૩૬

: અન્ય ટ્રસ્ટી મંડળ :

શ્રી સુરેશભાઈ જે. શર્મા (અમદાવાદ)
શ્રી હરેશભાઈ એસ. પારેખ (સુરત)
શ્રી ધર્મેન્દ્રભાઈ સી. નાયી
શ્રી નાનુભાઈ એમ. વાળંદ (અમદાવાદ)
શ્રી ડાહ્યાભાઈ વી. લિમ્બાચિયા (સંઘપુર)
શ્રી રમેશચંદ્ર પી. લિમ્બાચીયા (પાટણ)
શ્રી યોગેશભાઈ એન. પારેખ (ખંભાત)
શ્રી અરવિંદભાઈ એસ. વૈદ્ય (અમદાવાદ)
શ્રી બી. ટી. નાયી (પાલ્લા)

: બિલ્ડીંગ પ્રોજેક્ટ કમિટિ (ઇજનેરી પાંખ) :

ચેરમેન : શ્રી કાળીદાસ કે. પારેખ, (ટ્રસ્ટી) • વા. ચેરમેન શ્રી ગોપાલભાઈ કે. વાળંદ, (ટ્રસ્ટી) • એન્જિનીયર : શ્રી ભાવિનભાઈ બી. લિમ્બાચિયા મો. ૯૯૨૫૬૦૪૪૪૩

શ્રી હર્ષદભાઈ નાથાભાઈ પારેખ (ટ્રસ્ટી)
શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
શ્રી કિરીટકુમાર એમ. ભટ્ટી
શ્રી અરવિંદભાઈ જે. શર્મા (યુએસએ)
શ્રી સંજયભાઈ સી. પારેખ (ટ્રસ્ટી)
શ્રી દિલીપભાઈ જે. વાઘેલા
શ્રી હરિભાઈ કાનજીભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
શ્રી મહેશભાઈ જોટંગિયા (ટ્રસ્ટી)
શ્રી હસમુખભાઈ આર. પારેખ

: હિસાબી-વહિવટી પાંખ :

શ્રી મફતભાઈ વી. પારેખ
શ્રી વિપુલભાઈ વી. દલાલ
શ્રી જયંતિભાઈ કે. લિમ્બાચિયા
શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય
શ્રી નરોત્તમભાઈ એચ. નાયી

: એડવાઇઝરી કમિટિ :

શ્રી શરદભાઈ જે. શર્મા (વિજાપુર)
શ્રી બિપીનભાઈ આર. વાળંદ (ટીમ્બા, સુરત)
શ્રી અશોકભાઈ એ. વૈદ્ય (મહેસાણા)
શ્રી ચૈતન્યભાઈ મહાવદિયા (અમદાવાદ)
શ્રી પ્રકાશચંદ્ર એન. વૈદ (હિંમતનગર)
શ્રી જીતુભાઈ ખરચરિયા (અમદાવાદ)

: પ્રચાર-પ્રસાર કમિટિ :

શ્રી રાજેશભાઈ વાજા, સેનબંધુ સમાજ (સુરત)
શ્રી રમણભાઈ જી. લિમ્બાચીયા (અમદાવાદ)
શ્રી દામજીભાઈ ગોંડલિયા, સેનમિત્ર (રાજકોટ)
શ્રી શશીભાઈ પારેખ (આણંદ)
શ્રી વિપુલભાઈ વાળંદ સમાચાર (ભાવનગર)
શ્રી શૈલેશભાઈ એન. નાયી (દિયોદર)

# વાળંદ વિકાસ

**Email : valandvikas@valandsevasangh.org**

પ્રકાશક : **શ્રી બાલુભાઈ બી. પારેખ**
મો. : ૯૪૨૮૫૦૩૨૯૧
તંત્રી : **શ્રી જયંતીભાઈ કે. લિમ્બાચીયા**
મો. : ૯૪૨૮૦૪૧૦૧૯
સહતંત્રી : **શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી) (પાલ્લા)**
મો. : ૯૪૨૬૩૯૧૩૦૨

| વાર્ષિક લવાજમ | આજીવન લવાજમ |
|---|---|
| દેશમાં રૂા. ૧૫૦/- | દેશમાં રૂા.૧૫૦૦/- |
| પરદેશમાં રૂા. ૧૫૦૦/- | પરદેશમાં રૂા.૧૫૦૦૦/- |

૧. વાળંદ વિકાસ એ જ્ઞાતિના વાચકોને વિવિધ વાંચન સામગ્રી પૂરી પાડતું પ્રિન્ટ મીડિયાનું માધ્યમ છે. તેમાં પ્રસિદ્ધિ પામતું લખાણ સંસ્થાના રેકર્ડમાં જરૂરી રહે છે. જેથી વા.વિ.ને છાપવા માટે લખાણ મોકલનારે ફુલસ્કેપ કાગળ પર ટાઈપ કરી અથવા સારા અક્ષરે પોતાના નામ-સંપર્ક નંબર સહિત લખી કાર્યાલયના સરનામે મોકલી આપવું. બહુ જરૂરી હોય તો લખાણનો ફોટો પાડી વૉટ્સએપથી તંત્રીને મોકલવું. આ સિવાય પોતાના મોબાઈલ પર ટાઈપ કરેલું કે ફોરવર્ડેડ મેસેજ સ્વરૂપનું લખાણ મોકલવું નહિ. આવું લખાણ વાળંદ વિકાસમાં છાપી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

૨. વાળંદ વિકાસમાં પ્રસિદ્ધિ માટે આવતું મેટર, લેખ, બહુવિધ સુરુચિ જળવાય તેની યોગ્યતા ચકાસી ઉપલબ્ધ રહેતી જગ્યા અનુસાર સમાવવા પ્રયત્ન કરવામાં આવશે.

૩. વાળંદ વિકાસના લવાજમ, સરનામાં ફેરફાર, અંક ન મળ્યો હોવાની રજુઆત **કાર્યાલયના મેનેજર શ્રી ડાહ્યાભાઈ લિમ્બાચીયાનો સંપર્ક તેમના મો. નં. ૯૫૧૦૦૮૩૩૨૬ પર કરવી.** જે ચકાસણી કરી હકીકત જણાવશે. વ્યાજબી અને પૂરતા અગત્યના કારણો સિવાય તંત્રી-પ્રકાશકને સીધી રજુઆત નહિ કરવા નમ્ર વિનંતી છે.

૪. વાળંદ વિકાસનું લવાજમ કે તેમાં પ્રસિદ્ધ થતા બાયોડેટા, શ્રદ્ધાંજલિ, જ્ઞાતિ-ગૌરવ વિગેરે માટેના દરનાં નાણાં 'વાળંદ વિકાસ'ના નામે એકાઉન્ટ પેઈ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી શકાય છે અથવા નીચેની બેંકની વિગતો મુજબ બેંક ખાતામાં સીધેસીધાં ભરી શકાશે. નાણાં સીધેસીધાં જમા કરાવવાના કિસ્સામાં જમા રસીદની ઝેરોક્ષ નકલ કાર્યલયમાં તુર્તજ મોકલી આપવાની રહેશે તથા કાર્યાલયના ફોન નંબર ૦૭૯-૨૬૩૦૩૦૨૮ પર જાણ કરવાની રહેશે.

| | |
|---|---|
| બેંકનું નામ | : **બેંક ઓફ ઇન્ડિયા** |
| શાખા | : પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬ |
| બેંક એકાઉન્ટ નં. | : 200110100010827 |
| ખાતાનું નામ | : વાળંદ વિકાસ |
| IFSC Code | : BKID0002001 |
| MICR Code | : 380013040 |

**-: કાર્યાલય :-**
**ગુજરાત વાળંદ સેવા સંઘ,** C/o. સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ કેમ્પસ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન : ૦૭૯-૨૬૩૦૩૦૨૮
www.valandsevasangh.org
Email : info@valandsevasangh.org


## અષ્ટાવક્ર ગીતાસાર

સત્ય એટલે માત્ર સાચું બોલવું એ નથી. એને મર્યાદિત અર્થમાં ન લેતા વિશાળ અર્થમાં લઈએ તો જ ન્યાય આપી શકીએ. સત્યની એક પરિભાષા એ છે કે જે ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળમાં ટકે. ત્રણેય કાળમાં તેનું ખંડન ન થઇ શકે. જે પહેલા પણ હતું, અત્યારે છે અને ભવિષ્યમાં પણ હશે. જે શાશ્વત છે તે સત્ય છે. જે ગઈકાલે ન હતું, આજે છે અને આવતીકાલે પાછું ન પણ હોય તે સત્ય કદાપિ ન હોઈ શકે. સત્યની પરિભાષા આ જ છે જે અબાધિતરૂપથી રહે. જેવું હતું તેવું જ રહે. એક દિવસ હતો આપણે હતા નહીં, જન્મ થયો ન હતો. એક દિવસ આવશે કે આપણે નહીં હોઈએ, મૃત્યુ પામીશું. આ બે " નહીં " તેની વચ્ચે જે અત્યારે છીએ તેને આપણે જીવન કહીએ છીએ. આજ છે સ્વપ્નવત. ચાહે સત્તર સાલ જીવો કે સીતેર સાલ જીવો, એમાં કોઈ ફર્ક નથી પડતો, લંબાઈમાં કશો ભેદ નથી પડતો. જે સદા છે त्रिकालाबाध्यत्वे सत्यत्वम् જે ત્રણેય કાળમાં અબાધિત રહે તે સત્ય છે.

ભારતીય મનોવિજ્ઞાન મનુષ્યની ચેતનાની ચાર અવસ્થાઓ કહે છે. ત્રણ અવસ્થાઓ છે અને ચોથો સ્વભાવ છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણ અવસ્થાઓ છે. અને સાક્ષી - તુરીય ચોથો સ્વભાવ છે. જાગતા આપણે એક દુનિયા જોઈએ છીએ. જયારે આપણે સુઈ જઈએ છીએ ત્યારે સ્વપ્નમાં સરી પડીએ છીએ તે સમયે જાગવાની દુનિયા ખોટી થઇ જાય છે. જયારે આપણે સુઈ જઈએ છીએ ત્યારે જાગવાની દુનિયાના સમયના પતિ, પત્ની, બાળકો, આપણું મકાન આપણે ગરીબ હોઈએ કે તવંગર, પ્રતિષ્ઠિત હોઈએ કે અપ્રતિષ્ઠિત, સાધુ હોઈએ કે સંત એ બધું ખોવાઈ જાય છે. જાગવું એક સ્વપ્ન હતું, જયારે બીજું સ્વપ્ન શરુ થયું નિંદ્રામાં ત્યારે જાગવાનું સ્વપ્ન ખોવાઈ ગયું.

સવારે જયારે સ્વપ્ન તૂટે છે ત્યારે ફરીથી બીજું સ્વપ્ન શરુ થાય છે. અને રાત્રે સ્વપ્નમાં જે જોયું હતું તે ખોવાઈ જાય છે. જયારે રાત્રે ગાઢ નિંદ્રા આવે ત્યારે સ્વપ્ન પણ ખોવાઈ જાય. ત્યારે જાગૃતિમા જે જોયું તે સમાપ્ત થઇ ગયું. સુષુપ્તિમાં બન્ને ખંડિત થઇ ગયાં. અને જે લોકોને ચોથી અવસ્થા ઉપલબ્ધ /પ્રાપ્ત થાય છે તે આપણું નિજસ્વરૂપ છે. જેને બુદ્ધત્વ કહીશું, સાક્ષીભાવ કહીશું જીનત્વ કહીશું, તેને કોઈપણ નામ આપણે આપી શકીએ. આ ચોથી શુદ્ધ અવસ્થા ઉપલબ્ધ થાય છે, જ્યાં પરમ જાગરણ રહી જાય છે. તેને ખબર પડે છે કે તે ત્રણેય અવસ્થાઓ ખંડિત થઇ ગઈ. સ્વપ્ન, સુષુપ્તિ, જાગ્રત બધી ખંડિત થઇ ગઈ. બીજું જ કંઈ અનુભવમાં આવે છે. બ્રહ્મ જ બ્રહ્મ અનુભવમાં આવે છે. ક્યાંય કોઈ સંસાર જોવા મળતો નથી. ક્યાંય કશું બીજું જોવા મળતું નથી. પોતાનું વિરાટ સ્વરૂપ માલુમ પડે છે. ના કોઈ હું બચે છે કે ના કોઈ તું બચે છે. સાક્ષીભાવમાં જે જાણી લે છે તે જ કેવળ સત્ય છે. તેનું પછી કોઈ ખંડન થઇ શકતું નથી. આ જગત જેને આપણે સત્ય માની બેઠાં

છીએ, ભારતીય મનીષા કહે છે, આ જગતની પરિભાષા - गच्छतीति जगत- જે જઈ રહ્યું છે જગત, જે જઈ ચૂક્યું છે જગત, જે જવા માટે કિનારે ઉભું છે જગત. જગતનો અર્થ છે જે અસ્થિર છે, જે સ્થિર નથી. જે નદીની ધારાની જેમ વહી રહ્યું છે. જ્યાં બધું પરિવર્તન જ પરિવર્તન છે અને કંઈપણ શાશ્વત નથી. જ્યાં પરિવર્તન છે ત્યાં અસત્ય. અને જ્યાં અપરિવર્તનના દર્શન થાય છે, શાશ્વતની પ્રતીતિ થાય છે તે જ સત્ય છે. गच्छतीति जगत-જે ભાગી રહ્યું છે. જાણે આકાશમાં ધુમાડાના વાદળો બને છે અને મટી જાય છે, રૂપ નિખરે છે અને વિખરાઈ જાય છે, ક્ષણભર પણ સ્થિર રહેતું નથી, તેવું જગત. કોઈ પડે છે - કોઈ ઉઠે છે, કોઈ જીતે છે - કોઈ હારે છે. જે આજે જીતી રહ્યો છે તે કાલે હારી પણ જાય અને આજે જે હારી રહ્યો છે તે કાલે જીતી પણ શકે છે. અહીં કશું જ પાક્કું નથી. અહીં બધું જ પરિવર્તનશીલ છે. હંમેશા બદલાયા જ કરે છે, સમુદ્રની લહેરો છે, જેમાં સત્યને ખોજવા નીકળ્યા તે ખાલી હાથ પરત આવ્યા, અને ખાલી હાથે મરે છે.

આ બધા બદલાવ વચ્ચે તમને પણ કંઈ સ્મરણ થાય છે કે કોઈ ચીજ પરિવર્તન વગરની છે. આ પરિવર્તન વગરની, વગર બદલાયે હંમેશા સ્થિર રહેનારને આપણે આત્મા કહીએ છીએ. દિવસમાં આપણે જાગીએ છીએ , આ સંસાર એક વાત અને આપણી ભીતર બેઠો બેઠો સંસાર જુએ છે તે બીજી વાત. રાત્રે આપણે સુઈ જઈએ છીએ, સ્વપ્ન જોઈએ છીએ ત્યારે પણ બે ચીજ રહે છે. સ્વપ્ન અને આપણે. આપણે ગાઢ નિંદ્રામાં સરી પડીએ છીએ ત્યારે પણ બે ચીજ રહે છે, એક ગાઢ નિંદ્રા અને આપણે. સ્વપ્નથી ક્યારેક જાગી જઈએ છીએ ત્યારે દુનિયા આવી જાય છે, પછી દુનિયા પણ ખોવાઈ જાય છે. પણ એક ચીજ શાશ્વત બની રહે છે - જે છે આપણો સાક્ષીભાવ, આપણો દ્રષ્ટાભાવ, આપણી અંતરદ્રષ્ટિ. ગાઢ નિંદ્રામાંથી ઉઠીને પણ આપણે કહીએ છીએ, આજે રાત્રે બહું સરસ ઉંઘ આવી, બહું આનંદપુર્ણ ઉંઘ આવી. ઉંઘ બરાબર હતી, ગાઢ હતી તો ખબર કોને પડી? આ કોણે જાણ્યું? આ કોણ ખબર આપી રહ્યું છે? એનો અર્થ કે જરૂર આપણા ભીતર કોઈ છે જે જોઈ રહ્યો છે કે ગાઢ નિંદ્રા આવી. કોઈએ તેને પ્રત્યક્ષ કર્યો છે. તે જ આપણે છીએ. બધું જ બદલાય છે પણ સાક્ષી નથી બદલાતો.

નાના બાળક હતા, યુવાન થયા, ઘરડા થયા, સ્વસ્થ હતા, જર્જરિત થઈ ગયાં પણ આપણી ભીતર એક અખંડ, અબાધ, પરિવર્તન વગરનો તેવોને તેવો જ રહ્યો છે તે દ્રષ્ટા, સાક્ષી! એણે એક વખત બાળક જેવો દેહ જોયો, કિશોર જેવો દેહ જોયો, યુવાન દેહ હોયો, ઘરડો દેહ જોયો, સ્વસ્થ દેહ જોયો અને ઇન્દ્રિયો કામ ન કરતી હોય એવો જર્જરિત દેહ પણ જોયો. આ બધું તે જોતો રહ્યો.

આપણે એ ખ્યાલ કરીએ કે આપણી ભીતર જે સાક્ષી છે, તેના પર હજારો ઘટનાઓ બની પણ તે તેવો ને તેવો જ રહ્યો છે. બધા ખેલ તેની સામે થયા છે. એ બધાથી પાર, દૂર, અછૂત, નિષ્કલુષ મોજુદ રહ્યો છે. આ મોજુદગી જ એક માત્ર સત્ય છે...!!!



## તંત્રીની કલમે

# સ્વસ્થ તન-મન માટે જરૂરી નિદ્રાશ્રય

પૃથ્વી પર વર્ષમાં બે વખત દિવસ-રાતના સમયનું પ્રમાણ સરખું હોય છે. જે પૈકી એક ઘટના તરીકે માહે માર્ચ માસની ૨૦ કે ૨૧મી તારીખે દિવસ-રાત સમાન હોય છે. આ તારીખ કે જેને અંગ્રેજીમાં 'equinox day' કહેવાય છે. આ દિવસની પહેલાંનો શુક્રવાર વર્લ્ડ સ્લીપ ડે તરીકે સને ૨૦૦૮થી ગણાવાનું શરૂ થયું છે. જેનો હેતુ નિદ્રાને સંલગ્ન સમસ્યાઓ પરત્વે જાગૃતિ કેળવવાનો છે, ચાલુ વર્ષે ૧૫મી માર્ચને શુક્રવારે 'વર્લ્ડ સ્લીપ ડે' હતો. આમ પણ જોઈએ તો નીરોગી તન, નિર્મળ મન અને આનંદથી છલોછલ માંહ્યલો - આ સ્વસ્થ મનુષ્યનાં લક્ષણો છે. આજની તણાવયુક્ત અને વ્યસ્ત જીવનશૈલીમાં હળવા ફૂલ રહેવા નિત્ય પ્રાણાયામ, કસરત, ધ્યાન, યોગનો આશ્રય રોજની દિનચર્યાનું આવશ્યક અંગ બની રહે છે. સાથે સાથે આહાર, વિહાર, યમ, નિયમની સંહિતાના અનુશાસનમાં રહેવું પણ એટલું જ જરૂરી છે. કુદરતી ગોઠવાયેલી વ્યવસ્થા મુજબ સ્વસ્થ તન, પ્રફુલ્લિત મન અને ચુસ્ત શરીરસૌષ્ઠવ માટે પર્યાપ્ત માત્રામાં ઊંઘ પણ એટલી જ મહત્ત્વની છે. એક દિવસ સરખી ઊંઘ ન આવે તો માણસની હાલત ખરાબ થઈ જાય છે. દિવસભરના શારીરિક અને માનસિક પરિશ્રમ બાદ શરીર, મગજ તથા જ્ઞાનતંતુઓને આરામની જરૂર પડે છે. નિદ્રાધીન થવાથી થાક ઉતરતાં જાગ્યા પછી ચેતનામાં સ્ફૂર્તિનો સંચાર થતો જોવા મળે છે. આ ઊંઘનું મહત્ત્વ છે, જેના નિંદ્રા, નિંદીયા, નીંદર એ પર્યાયવાચક શબ્દો છે. બાળપણમાં આપણે સુભાષિત સાંભળેલું છે કે 'રાત્રે વહેલા જે સુએ, વહેલા ઊઠે વીર, બળ, બુદ્ધિ, વિદ્યા ધન વધે, સુખમાં રહે શરીર...' અહીં પ્રશ્ન થાય કે વહેલા એટલે કેટલા વાગ્યે ? વિજ્ઞાન એમ કહે છે કે રાતે દસ વાગ્યે સૂઈ જવું અને સવારે છ વાગ્યા પહેલાં ઊઠી જવું એ સંતુલિત ઊંઘની સુટેવ ગણાય. પહેલાંના જમાનામાં આ ઉક્તિનું ચોકસાઈપૂર્વક આચરણ કરાય તે બાળકોને શાળામાં

વ્યવસ્થિત સમજાવવામાં આવતું. ઘરમાં માતા-પિતા પણ આમાં નિષ્ઠા રાખી સંતાનોને નિદ્રાના નિયમપાલનના પાઠ ભણાવવા પ્રહરી બનતા.

વહેલા સૂવા અને વહેલા ઊઠવાની ટેવને બળ, બુદ્ધિ, વિદ્યા, આરોગ્ય સાથે સાંકળવામાં આવી છે તે સાચે જ અર્થપૂર્ણ છે. આપણા ઋષિ-મુનિઓએ રાત્રિના પાછલા પહોરમાં કે જેને બ્રહ્મમૂર્હુત ગણવામાં આવે છે જાગી શૌચ-સ્નાનાદિ કાર્યથી પરવારી ધ્યાનસ્થ થવાનું વિશેષ મહત્ત્વ હોવાનું સમજાવેલ છે. આદિકવિ નરસિંહ મહેતાના એક પદ 'રાત રહે જાહરે, પાછલી ખટઘડી સાધુ પુરુષને સૂઈ ન રહેવું, નિદ્રાને પરહરી, સમરવા શ્રી હરિ'...માં પણ વહેલા ઊઠી નિદ્રાનો ત્યાગ કરવાનો મહિમા જણાઈ આવે છે. જીવાત્માને મળેલ આયુષ્યનો દોર તો લંબાવી શકાતો નથી પરંતુ નીંદરને નિયંત્રણમાં રાખી જાગ્રત અવસ્થામાં વધારો થઈ શકે છે. આજના યુગમાં Meditation માટે પણ પ્રાતઃસમય પસંદ કરવો જોઈએ. જેથી વહેલી સવારના વાઈબ્રેશન્સનો ફાયદો મળે.

પણ ખેર, વહેલા સૂવા અને વહેલા જાગવાની વાતને આપણે અપનાવીએ છીએ ખરા ? આ બાબતને કદાચ ગંભીરતાથી લેવામાં આપણે ઊણા ઊતરીએ છીએ. આજના ઔદ્યોગિક યુગમાં શહેરીકરણ અને વિલાસી જીવનશૈલી તરફનો ઢળતો આપણો ઝોક સ્વાસ્થ્ય સાથે જોડાયેલી કેટલીય આદતો અને રીતભાતો બદલી નાખે છે. પ્રશ્ન એ થાય છે કે રાતે દશ વાગ્યે સૂવે છે કોણ ? આજે ટેલિવીઝન, કમ્પ્યૂટર, મોબાઈલ તથા ઇન્ટરનેટના જમાનાએ જાણે કે રાતની વ્યાખ્યા જ બદલી નાખી છે !!! ઘણા ખરા અંશે બાર વાગ્યા સુધી જાગવાનું તો જાણે કોમન થઈ ગયું છે. અત્યારની લાઈફ સ્ટાઈલમાં રાત-દિવસના સમયના સીમાડા રહ્યા નથી. મોડી રાત સુધીના ઉજાગરા બાદ મોબાઈલમાં મૂકેલા એલાર્મ વગર ઊઠી શકાતું નથી, અને ભૂલે ચૂકે વહેલા જાગવાનું થયું તો જાગ્યા પછી તાજગીસભર સ્ફૂર્તિ જ નથી વર્તાતી.

વહેલા સૂવાની બાબત દિવસભરની પ્રવૃત્તિઓની વ્યસ્તતા પર પણ નિર્ભર છે. આખા દિવસની કામ-ધંધા-વ્યવસાયની રઝળપાટ, મહિલા વર્ગની ઘરકામ, સંતાન સંબંધિત જવાબદારીઓ વિગેરેથી પરવારી પથારીમાં પડીએ ત્યારે કેટલા સમયમાં ઊંઘ આવી જાય છે ? સામાન્યતઃ ઓછામાં ઓછી ૧૫ મિનિટ અને વધુમાં વધુ ૩૦ મિનિટની અંદર ઊંઘ આવી જવી જોઈએ; તેમાંય જો પથારીમાં પડ્યા બાદ બે થી પાંચ મિનિટમાં ઊંઘ આવી જાય તો તે કુદરતની મહામૂલી ભેટ ગણાય. આવા નસીબદાર લોકો કદાચ બહુ ઓછા હશે ! મગજને પૂરતા આરામ માટે ઘસઘસાટ ઊંઘ જરૂરી છે પણ હાલની જીવનશૈલીમાં સ્લીપીંગ ડીસઓર્ડરના કિસ્સાઓ વધી રહ્યા છે. સ્લીપીંગ ડીસઓર્ડર એટલે ત્રુટક ત્રુટક ઊંઘ. ઓછામાં ઓછા એકધારી પાંચથી છ કલાકની નીંદર આવે તે આદર્શ સ્થિતિ છે પણ વચ્ચે વચ્ચે બે કે ત્રણ વખત જો આંખ ખૂલી જાય તો એ સ્લીપીંગ ડીસઓર્ડર કહેવાય.

તબીબોના મતે સારી અને પ્રમાણસરની ઊંઘ ન હોવી એ તંદુરસ્ત આરોગ્ય માટે અવરોધક છે. કાર્ડિયોલોજીસ્ટોનું પણ કહેવું છે કે ઊંઘ સંબંધી તકલીફ, માનસિક તાણ, તંગદીલીથી બ્લડપ્રેશર, હૃદયના ધબકારાના દર તથા થાઈરોઈડના હોર્મોન્સનું સમતોલન ખોરવાય છે. ઊંઘ ન આવવાને લઈને ઈન્સ્યુલિન રેઝિટન્સમાં વધારો થવાથી ડાયાબિટીસની વૃદ્ધિ થવાથી તે હૃદયરોગનું મોટું રીસ્ક ફેક્ટર બની શકે.

મેડિકલ સાયન્સના મતે ઓછી ઊંઘ જીવલેણ બની શકે તો વધુ પડતી ઊંઘ પણ કાંઈ ઓછી ખતરનાક નથી. વધુમાં વધુ આઠ કલાક પછીની ઊંઘ સ્વાસ્થ્ય માટે હિતકારી ન કહેવાય. વધુ પડતી ઊંઘને આપણે 'કુંભકર્ણની નિંદ્રા' શબ્દોથી નવાજીએ છીએ.

વર્કાહોલિક માણસ બહુ ઓછું ઊંઘે છે. જગતના ખ્યાતિપ્રાપ્ત વૈજ્ઞાનિકોમાં આઈઝેક ન્યુટન માત્ર બે કલાક જ સૂતા હતા. અર્થાત્ બાવીસ કલાક કામ કરતા હતા. બેન્જામિન ફ્રેંકલીન પાંચ કલાકની ઊંઘ લેતા, થોમસ આલ્વા એડિસન પણ ત્રણથી ચાર કલાક ઊંઘતા. મશહૂર ચિત્રકાર લિયોનાર્દો દ વિન્ચી તો ઊંઘની વિચિત્ર આદત ધરાવતા. દર ચાર કલાકે માત્ર પંદર મિનિટ સૂઈ જતા. હાલના યુગમાં સૌથી વ્યસ્તતાસભર જિંદગી હોય તો તે ઓન કોલ ડોક્ટર્સ ગણાય. ઈમરજન્સી સેવામાં કાર્યરત ડૉક્ટર્સ સરેરાશ ચાર-પાંચ કલાક ઊંઘ લઈ શકે છે. જાહેર જીવનમાં રાજનીતિમાં વ્યસ્ત રાજનેતાઓ પણ સતત ભાગ-દોડ અને લાઈમ લાઈટવાળી લાઈફ સ્ટાઈલને લઈને ઓછી ઊંઘ લેનારની શ્રેણીમાં આવે.

માણસ હોય કે પશુ-પંખી, જીવ-જંતુ હોય. સચરાચર સૃષ્ટિમાં ઊંઘ એ કુદરતી નિર્માણ થયેલ અવસ્થા છે. આપણને સવાલ કદાચ થાય કે આખરે ઊંઘ

શા માટે આવે છે ? જ્ઞાનતંતુઓ અંગેના ગહન અભ્યાસુ તબીબ માઈકલ પ્રેરોએ સંશોધન કરી પ્રકાશ પાડ્યો છે. તેમના મતે મગજમાં વિવિધ તરંગો ઊઠે છે, જે આલ્ફા તરંગો, બીટા તરંગો અને થીટા તરંગો કહેવાય છે તે ઊંઘ આવવા માટે જવાબદાર છે. આલ્ફા તરંગોની માત્રા ધીમે ધીમે ઓછી થાય ત્યારે ઊંઘ આવવા માંડે છે. બીટા અને થીટા તરંગો પ્રબળ બને ત્યારે ભર ઊંઘમાં સરી જવાય છે, જે શરીરની સાથે મગજને પણ આરામ પહોંચાડે છે. ઘણાને બપોરે સૂવાની પણ આદત હોય છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં આ પરંપરા વર્ષોથી છે. બપોરે જમ્યા પછી સૂવાની ક્રિયાને આયુર્વેદમાં વામકૂક્ષી કહેવાય છે. જો કે આ વામકૂક્ષીનો ગાળો અડધા કલાકથી અલ્પકાલિન હોવો ઘટે અંગ્રેજીમાં જેને નેપ (Nap) કહેવાય તે વાસ્તવમાં તો થોડી મિનિટોનું ઝોકું જ છે. ઉંમરને પણ ઊંઘ સાથે સીધો સંબંધ છે. નવજાત શિશુ આશરે વીસ કલાક જેટલું ઊંઘે છે જેમ જેમ માણસની વય વધે એમ ઊંઘની માત્રામાં ઘટાડો થતાં સાઈઠ વર્ષ વટાવ્યા બાદ તે પાંચ-છ કલાક જેટલી થઈ જાય.

આપણે ગુડ નાઈટ કે સ્વીટ ડ્રીમની શુભેચ્છાની આપ-લે કરીએ છીએ પણ અંતે તો સાઉન્ડ સ્લીપ હોય તો જ તે શક્ય બને છે. કર્મના સિદ્ધાંતને સમજીએ તો દિવસભર આપણાથી દિલને ડંખે તેવું, કોઈને હાનિકર્તા કે અહિત થાય તેવું કૃત્ય ન થાય તેવી સભાનતા રાખીએ, કદાચિત થઈ જાય તો સૂતાં પહેલાં પ્રતિક્રમણ કરી લઈએ. તેમજ મન-વચન કે કર્મથી કોઈને દૂભવીએ નહિ તો તન-મન ચિત્તની અવસ્થા કષાયો રહિત રહેશે અને પથારીમાં પડતાં વેંત ગહન નિદ્રા (Sound sleep)ના સ્વામી બની શકાશે.

સર્વેત્ર સુખિન સન્તુ સર્વે સન્તુ નિરામયા ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિત દુઃખમાપ્નુયેત્ ॥

(પુનઃ પ્રકાશિત)

જય સચ્ચિદાનંદ

**જયંતિભાઈ કે. લિમ્બાચિયા**

**"નંદ રાજવંશનો ગૌરવશાળી ઈતિહાસ" પુસ્તિકાનો આગળનો ધારાવાહી ભાગ આ અંકમાં જગ્યાના અભાવે લઈ શકાયો નથી જે આવતા અંકમાં લેવાશે જેની વાચકોએ નોંધ લેવી.**

**- તંત્રી, વાળંદ વિકાસ**



## પ્રમુખશ્રીની કલમે

વ્હાલા જ્ઞાતિ ભાઈ-બહેનો

સાદર વંદન.

ગુજરાત વાળંદ સેવા સંઘ સંચાલિત આ મેગેઝીન ‘વાળંદ વિકાસ’ આપ સહુ બહોળા પ્રમાણમાં વાંચતા હશો. આપની સુલભતા માટે ડીજીટલી પીડીએફ પણ ગુજરાતભરના આપણા વિવિધ સામાજિક વૉટ્સએપ ગૃપોમાં નિયમિતપણે મૂકાય છે તથા સંસ્થામાં લવાજમ ભર્યું હોય તેમને દર માસની બીજી તારીખે પોસ્ટલ પણ રવાના કરાય છે. વાળંદ વિકાસના માધ્યમથી આપ સહુને જાણકારી તો પ્રાપ્ત થઈ ગઈ જ છે કે આપણી આ સંસ્થા દ્વારા અમદાવાદ ખાતે જૂના વિદ્યાર્થીગૃહને ઊતારીને હવે અદ્યતન સવલતોવાળી બહુમાળી ઈમારત બનવા જઈ રહી છે. ગ્રાઉન્ડ લેવલના ધાબા સુધીના બાંધકામની પૂરજોશમાં પ્રગતિ થવાથી ગ્રાઉન્ડ ફ્લોર પર ધાબા લેવલે કામ મહદ્અંશે પૂરું થયું છે. હવે આ કામમાં પ્રગતિ નાણાકીય ફંડના અભાવે અટકે નહિ તે માટે બહુ ટૂંકા ગાળામાં જ મોટા પ્રમાણમાં રકમ એકત્ર કરવાની જરૂરત છે. સંસ્થાએ બ્રોશરના માધ્યમથી વિગતે માહિતી પૂરી પાડી છે. બ્રોશરને વાળંદ વિકાસમાં પણ પ્રકાશિત કરી આપને પૂરી જાણકારી આપી છે. દર માસે હું આપને આ પ્રોજેક્ટ માટે ઉદારતાપૂર્વક કોઈપણ જાતની શંકાકુશંકા કે ખચકાટ રાખ્યા વગર આપનું દાન સંસ્થામાં જમા કરાવવા અપીલ કરતો રહ્યો છું. દાન જમા કરાવવા આપને માટે સવલતના ભાગરૂપે સંસ્થાના બેન્ક એકાઉન્ટનો ક્યુઆર કોડ પણ આપની સાથે શેર કરવામાં આવેલ છે. વાળંદ વિકાસના પ્રથમ મુખપૃષ્ઠ પર જ તે અંકિત થયેલ છે. આપ ઘેર બેઠા આપની ઇચ્છા મુજબ ઓછામાં ઓછા એક ચો. ફૂટ બાંધકામના રૂ. ૫,૧૫૧/- લેખે યથાશક્તિ પરંતુ ઉદારતાથી શક્ય તેટલી વધુ રકમનું દાન ક્યુઆર કોડ પર ક્લીક કરી સંસ્થાના બેન્ક એકાઉન્ટમાં જમા કરાવી શકો છો. બ્રોશરમાં જણાવેલ વિગતોનુસાર કોઈ પણ માળ, રૂમ

કે હોલ માટેના દાતા થવાની પણ જાહેરાત કરી શકો છો. આપને જાણકારી આપીએ કે આ સંસ્થાને આપેલ દાન આવકવેરા કલમ ૮૦ જી(૫) હેઠળની જોગવાઈ મુજબ આવકમાંથી બાદ મળવા પાત્ર છે તો આ સવલતનો આપ ઘેર બેઠા પણ લાભ લઈ શકો છો.

ગુજરાત ભરમાં આપણા સમાજનાં લાખો કુટુંબો વસતાં હશે. દરેકને મારી વિનમ્રભાવે અપીલ છે કે અમદાવાદ ખાતે સમાજના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સવલત માટે ભવિષ્યમાં ઉપયોગી અને આશીર્વાદરૂપ બની રહેનાર આ વિદ્યાર્થીગૃહ અને સાંસ્કૃતિક ભવનના નિર્માણકાર્યમાં આપ વધુ વિલંબ કર્યા સિવાય પોતાનું યોગદાન આપશો તો તે સમાજની મોટી સેવા કરી લેખાશે. આ બહુમાળી ભવન એ આપણી જ ભાવિ પેઢી માટે અમૃતસમાન મીઠાફળ પ્રદાન કરતું આમ્રવૃક્ષ બની રહેનાર છે. તે માટે આપણે સહુ વિના સંકોચે સહભાગી બનીએ.

બીજું આ સંસ્થાએ તા. ૬-૪-૨૪ને શનિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકે સામાન્ય સભા બોલાવેલ છે. જેની નોટિસ આ અંકના પેજ ૯ પર પ્રકાશિત થયેલ છે. આપ સર્વે જ્ઞાતિજનો આ સભામાં ખૂબ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી વધુને વધુ નાણાકીય ફંડ મેળવી શકાય તે દિશામાં કાર્યરત કરવા પ્રોત્સાહન અને માર્ગદર્શન કરશો.

સાથે સાથે સ્થળ પર જ કામની પ્રગતિથી પણ આપ જાણકારી મેળવી આપના જથ/મંડળ તેમજ સામાજિક સંપર્કોમાં બહોળો પ્રચાર-પ્રસાર કરીને દાન આપી/અપાવી ઉપયોગી થશો તો આપનો આભારી થઈશ.

**આપનો**
**વિપુલ વી. દલાલ**
**પ્રમુખ, ગુજરાત વાળંદ સેવા સંઘ**

# સંસ્થા સમાચાર

## અગત્યની જાહેરાત

ગુજરાત વાળંદ સેવા સંઘની વેબસાઈટ અનેક વર્ષોથી કાર્યરત છે. વેબસાઈટનું એડ્રેસ www.valandsevasangh.org છે. જેના પર login કરી ગુ. વા. સે. સંઘની અપલોડ કરેલી માહિતીની જાણકારી મેળવી શકાય છે. વાળંદ વિકાસના જૂના અંકો જે અપલોડ કરેલ હોય તે પણ જોઈ શકાય છે. આ સાઈટ પર વસ્તીપત્રક તથા મેટ્રોમોનીયલ બાયોડેટાની વિગતો સહ જોડાવા માંગતા હોય તેઓ જોડાઈ શકે છે તથા વેબસાઈટને શુભેચ્છા પાઠવતા સંદેશા પાઠવી શકાય છે. તો આવા સંદેશા તેમજ પોતાના ધંધા-વ્યવસાયને લગતી જાહેરાત આપવા ઇચ્છતા હોય તેમણે સંસ્થાના પ્રમુખશ્રી, મંત્રીશ્રી અથવા સંઘના ટ્રસ્ટી અને ચેરમેન વિદ્યાર્થીગૃહ શ્રી મુકેશભાઈ પી. નાયીનો સંપર્ક કરવાનો રહેશે.

**મુકેશભાઈ પી. નાયી**
**મો. ૯૮૨૫૭૭૬૯૦૦**

## ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બિલ્ડીંગ માટે માર્ચ માસમાં જમા/જાહેર થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૨,૫૦,૦૦૦/- | શ્રી નંદકિશોર આર. નાયી, અમદાવાદ |
| ૨,૦૦,૦૦૦/- | શ્રી મુકેશભાઈ પી. નાયી, ટ્રસ્ટી શ્રી ગુ.વા.સેવા સંઘ, પાટણ, હાલ અમદાવાદ |
| ૫૧,૦૦૦/- | શ્રી હિતેન્દ્રભાઈ સાંકળચંદ નાયી, મુંબઈ |
| ૫૧,૦૦૦/- | શ્રી શાંતાબેન અંબાલાલ ખડાલીયા, હસ્તે ડૉ. મુકેશભાઈ ખડાલીયા, અમદાવાદ |
| ૫૦,૦૦૦/- | શ્રી પોપટલાલ વિઠ્ઠલદાસ પારેખ, અમદાવાદ |
| ૨૫,૦૦૦/- | શ્રી દેવેન્દ્રભાઈ એલ. કોન્ટ્રાક્ટર,ટ્રસ્ટીશ્રી ગુ.વા.સે.સંઘ, ઓઢવ, અમદાવાદ |
| ૨૫,૦૦૦/- | ડૉ. શ્રી ગિરીશભાઈ વી. પારેખ, પૂર્વ ટ્રસ્ટી શ્રી ગુ.વા.સે.સંઘ, વડોદરા |
| ૨૫.૦૦૦/- | શ્રી રામાભાઈ ડાહ્યાભાઈ નાયી, પેથાપુર હ. શ્રી ભદ્રેશભાઈ, અમદાવાદ |
| ૨૫,૦૦૦/- | શ્રી ઉમેશભાઈ વી. પારેખ, અમદાવાદ |
| ૨૫,૦૦૦/- | શ્રી શંકરભાઈ અંબાલાલ વાળંદ, શ્રીમતિ ભગવતીબેન શંકરભાઈ વાળંદ, ચુંવાળ સમાજ-બાલસાસણ, હાલ ગાંધીનગર |
| ૨૧,૦૦૦/- | શ્રી ચંદ્રિકાબેન ત્રિભોવનદાસ કેશાભાઈ નાયી, હ. શ્રી રોહિતભાઈ, વેજલપુર, અમદાવાદ |
| ૨૧,૦૦૦/- | શ્રી મંજુલાબેન મણીલાલ લિમ્બાચીયા, હ. શ્રી ચિરાગકુમાર, અમદાવાદ |

૨૧,૦૦૦/- શ્રી કીર્તિભાઈ ધૂળાભાઈ લિમ્બાચીયા, કુશકલ, હાલ અમદાવાદ

૧૧,૧૧૧/- શ્રી સોનલબેન વિપુલકુમાર પારેખ, આંબલીયારા, હાલ ધોળકા

૧૧,૦૦૦/- શ્રી જયંતીલાલ હરગોવનદાસ પારેખ, ચુંવાળ સમાજ, જાકાસણા, હાલ અમદાવાદ

૧૧,૦૦૦/- શ્રી કપૂરકુમાર રામસેવક વર્મા, હ. શ્રી બાલુભાઈ બી. પારેખ, પ્રકાશક શ્રી વાળંદ વિકાસ, અમદાવાદ

૧૧,૦૦૦/- શ્રી અરવિંદભાઈ પુરુષોત્તમભાઈ વાજા, હ. શ્રી હાર્દિકભાઈ, અમદાવાદ

૧૧,૦૦૦/- શ્રી ભારતીબેન રાજુભાઈ બગથરીયા, અમદાવાદ

૧૧,૦૦૦/- શ્રી કિશોરભાઈ જશુભાઈ મજેઠીયા, બારેજા

૧૦,૦૦૦/- શ્રી યોગેશ અંબાલાલ પારેખ, અમદાવાદ

૫,૧૫૧/- શ્રી મહેશભાઈ ફૂલાભાઈ નાયી, લિંબાસી

૫,૧૫૧/- શ્રી મહેશભાઈ રાધેશ્યામ પારેખ, ધોળકા

૫,૧૫૧/- શ્રી જગદીશચંદ્ર શંકરલાલ પારેખ, બારેજા

૫,૧૫૧/- શ્રી અંબાબેન કાન્તિભાઈ સચાણીયા, બારેજા

૫,૧૫૧/- શ્રી લિંબચ યુવા સંગઠન, હ. શ્રી દિનેશભાઈ નાયી, પ્રમુખશ્રી, ભાભર (બ.કાં.)

૫,૧૫૧/- શ્રી લિંબચ યુવા સંગઠન, હ. શ્રી બી. કે. નાયી, પ્રમુખ, સૂઈગામ (બ.કાં.)

૫,૧૫૧/- શ્રી ત્રિભોવનદાસ નટવરલાલ વાળંદ, બોરીયાવી, આણંદ

૫,૧૫૧/- શ્રી મુકેશભાઈ બુધાભાઈ પારેખ, બારેજા

૫,૧૫૧/- શ્રી સંદિપ વિનોદભાઈ પાડલીયા

૫,૧૫૧/- સ્વ. સુમતિલાલ સોમાભાઈ વૈદ્ય, અમદાવાદ

૫,૧૦૦/- શ્રી ફાલ્ગુની ચંદ્રકાંતભાઈ દમણી, વિજાપુર, હાલ મુંબઈ

૫,૧૦૦/- શ્રી સુરેશભાઈ કેશવલાલ નાયી, જંત્રાલ, હાલ અમદાવાદ

# શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ-અમદાવાદ

## સામાન્ય સભાની નોટીસ

આથી શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘના તમામ સભ્યોને જણાવવામાં આવે છે કે, આપણી સંસ્થાની સામાન્ય સભા **તા. ૬-૪-૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે સુભારતી પ્રાર્થના ભવન હૉલ, સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ છાત્રાલયની સામે, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬** ખાતે મળનાર છે. તેમાં તમામ સભ્યોને હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

### એજન્ડાના મુદ્દા

૧) ગઈ સામાન્ય સભામાં થયેલ કાર્યવાહી વંચાણે લઈ બહાલ રાખવા બાબત.

૨) ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બહુમાળી ભવનના બાંધકામનો અત્યાર સુધીનો ટેકનીકલ પ્રોગ્રેસ, મળેલ દાન, તથા હાલની નાણાંકીય સ્થિતિનો સમીક્ષા અહેવાલ.

૩) ગુજરાત વાળંદ સેવા સંઘના બિલ્ડીંગ પ્રોજેક્ટ માટે ભંડોળ એકત્રીત કરવા જરૂરી પ્રયત્નોને વેગ આપવા બાબત.

૪) ગુજરાત વાળંદ સેવા સંઘના સંગઠનને મજબૂત બનાવવા રાજ્યના અન્ય જિલ્લા/શહેરોમાં ગુજરાત વાળંદ સેવા સંઘની શાખાઓ ખોલવા બાબત.

૫) નવિન બિલ્ડીંગ પ્રોજેક્ટના બ્રોસરમાં જણાવ્યા મુજબના ફ્લોર વાઈઝ બાંધકામના દાતાઓની જાહેરાત તથા નામાનિકરણ બાબત.

૬) પ્રમુખ સ્થાનેથી અન્ય જે બાબત રજૂ થાય તે ચર્ચા વિચારણામાં લઈ નિર્ણય થવા બાબત.

પ્રમુખના આદેશથી.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૦-૩-૨૦૨૪

સહી/અવાચ્ય
મંત્રી
શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ

**નોંધ : સભા પૂરી થયા બાદ ભોજનની વ્યવસ્થા રાખેલ છે.**

# પ્રાદેશિક સમાચાર

## બાયડ તાલુકાના આંબલીયારા ખાતે શ્રી લીંબચ માતાજીનો રજત જયંતિ મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો

બાયડ તાલુકાના આંબલીયારા ખાતે આવેલ શ્રી લીંબચ માતાજીનો રજત જયંતિ મહોત્સવ તથા ૨૪ કુંડી શત ચંડી મહાયજ્ઞ તારીખ ૨૨થી ૨૪ ફેબ્રુઆરી દરમિયાન ભવ્યતાથી ઉજવાયો હતો.

આ ધાર્મિક પ્રસંગે શ્રી વિજય સ્તંભારોપણ, શ્રી યજ્ઞશાળા સ્થાપન, શ્રી માતાજીના જ્વારાનું મુહૂર્ત, માતાજીનો શણગાર, ભવ્ય શોભાયાત્રા, મહાયજ્ઞ, ગ્રહશાંતિ, ચંડીપાઠ કર્મ, શિખર મહાભિષેક, ધ્વજારોહણ, મહાઆરતી જેવા ધાર્મિક કાર્યક્રમો શાસ્ત્રી શ્રી મનોહર વ્યાસ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ભક્તિભાવપૂર્વક ઉજવાયા હતા.

આ પ્રસંગે પ. પૂ. શ્રી નંદગીરી મહારાજ, પ. પૂ. શ્રી કૌશિક બાપુ, પ. પૂ. શ્રી માણેકદાસજી સાહેબ મહંત શ્રી ૧૦૮, પ. પૂ. શ્રી માઈ બાળ જશુભાઈએ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા. શત ચંડી મહાયજ્ઞના મુખ્ય યજમાન તરીકે મનુભાઈ શનાભાઈ વાળંદ (નરસિંહપુર)ના પરિવારજનોએ લાભ લીધો હતો. રજત જયંતિ મહોત્સવના મહાપ્રસાદના દાતા તરીકે ઈશ્વરભાઈ શંકરભાઈ વાળંદ (આંબલીયારા)એ લાભ લીધો હતો.

આ પ્રસંગે ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદના પ્રમુખ શ્રી વિપુલભાઈ વી. દલાલ, ગુજરાતના માન. મુખ્યમંત્રીના ઓએસડી પ્રણવ પારેખ, રેવાબા સાંસ્કૃતિક હોલ, અમદાવાદના મંત્રી એસ. બી. પારેખ, ગુજરાત પ્રાંતિક નાયી સભાના પ્રમુખ ડો. કોકીલાબેન પારેખ, ગુજરાત વાળંદ સેવા સંગના મંત્રી ભાનુભાઈ વૈદ્ય, અરવલ્લી જિલ્લાના લીમ્બાચીયા સમાજના પ્રમુખ બી. ટી. નાયી, ગુજરાત પ્રાંતિક નાયી સભાના મંત્રી જસવંતભાઈ શર્મા સહિત અનેક આગેવાનો, મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શ્રી લીંબચીયા સમાજ સવાસો જૂથ તથા મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજિત ૧૪મા સમૂહ લગ્નોત્સવમાં ૧૩ નવદંપતીએ પ્રભુતામાં પગલાં પાડ્યાં હતાં. દરેક દંપતિને દાતાઓ દ્વારા રોકડ તથા ૪૪ જેટલી ઘરવખરીની ચીજવસ્તુઓ આપવામાં આવી હતી. પ. પૂ. વિષ્ણુદાસજી ખાખી બાપુ અને પ. પૂ. મહંત શ્રી ગોપાલનાથજીએ વર-કન્યાઓને આશીર્વચન પાઠવ્યા હતા.

શ્રી લીંબચ માતાજીના પાટોત્સવ અને ૧૪મા સમૂહ લગ્નોત્સવની સફળતા માટે મંદિર ટ્રસ્ટ તથા સમાજના પ્રમુખ ચંદુભાઈ બી. પારેખ, કેશાભાઈ વાલંદ, મંત્રી વસંતભાઈ ડી. વાળંદ, ઉપપ્રમુખ પ્રકાશભાઈ આર. વાળંદ, સમૂહ લગ્ન સમિતિના પ્રમુખ મનુભાઈ એસ. વાળંદ, મંત્રી હસમુખભાઈ પી. શર્મા, મનુભાઈ બબાભાઈ વાળંદ, રમેશભાઈ બી. વાળંદ, દિનેશભાઈ ડી. વાળંદ, બાબુભાઈ વાળંદ, રાજેશભાઈ એલ. વાળંદ, ઈશ્વરભાઈ એસ. વાળંદ, વિજયભાઈ જે. પારેખ સહિત સમાજના યુવાનો, વડીલો, બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી. ધાર્મિક પ્રસંગે વાળંદ સમાજના આગેવાનો, ભાઈઓ-બહેનો, વડીલો, મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**(સાભાર : શ્વેતપત્ર)**

## લીમ્બચ યુવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રથમ સમૂહ લગ્નોત્સવ અને સ્નેહમિલન લીમ્બચધામ વરસડા ખાતે યોજાયો

લીમ્બચ યુવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સવંત ૨૦૮૦ને મહાસુદ પૂનમ,તારીખ ૨૪-૦૨-૨૦૨૪ને શનિવારના રોજ લીમ્બચધામ વરસડા, તા. ડેસર, જિ. વડોદરાના મંગલમ પવિત્રસ્થળે પ્રથમ સમૂહલગ્નનું અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું.

આ સમૂહ લગ્નના ભોજનના મુખ્ય દાનવીર દાતાશ્રી જંત્રાલ નિવાસી હાલ આણંદના સ્વ.નટવરલાલ નાથાલાલ પારેખની સુપુત્રીઓ સ્વ. નયનાબેન સી. પારેખ, શ્રીમતી ઇલાબેન એ. પારેખ, શ્રીમતી ગીતાબેન એસ. પારેખ તથા સ્વ. દિવ્યાબેન એન. નાયી હસ્તે શ્રી જગદીશભાઈ એન. પારેખ તથા શ્રીમતી મનીષાબેન જે. પારેખ તરફથી રાખવામાં આવ્યુ હતું. એવું કહેવાયું છેને

કે हुतम्चदत्तम्चतथैवतिष्ठति એ આ પરિવારનો જીવન મંત્ર રહ્યો છે.

સમારોહના અધ્યક્ષ તરીકે લીમ્બચ યુવા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી, પારેખ પરિવાર વિકાસ મંડલના કાર્યકારી પ્રમુખ તથા બીલ્ડર એવા શ્રીનરેન્દ્રભાઈ ચંદુલાલપારેખ (વડોદરા) નીસર્વાનુમતે વરણી કરવામાં આવી. ઉપાધ્યક્ષ તરીકે સાવલી તાલુકાના લોકપ્રિય અને પ્રજા વત્સલ ધારાસભ્યશ્રી માનનીય કેતનભાઈ ઈનામદાર સાહેબની વરણીકરવામાં આવી. કેતનભાઈ ઈનામદાર સાહેબ તરફથી નવદંપતીને 'કન્યાદાનકીટ' ભેટ આપી જેમાં તિજોરી, બેડ, ગાદલું અને ઓશિકાનો સમાવેશ થાય છે. શ્રી કેતનભાઈ ઈનામદાર સાહેબ અનિવાર્ય સંજોગોના કારણે ઉપસ્થિત રહી શક્યા ન હતા, પરંતુ તેઓએ સમૂહલગ્નની સફળતા માટે શુભેચ્છાઓ, પાંચેય દીકરીઓને ઉદ્‌ભવળ અને સુખી લગ્ન જીવન માટેના મંગલ આશીર્વાદ આપ્યાહતા, સાથે-સાથે આ સુંદર અને સમાજો પયોગી ભગીરથ કાર્યમાટે લીમ્બચયુવા ચેરીટેબલ ટ્રસ્ટ અને વરસડા ગામના તમામને અભિનંદન પાઠવ્યા હતા.

આ શુભ માંગલિક પ્રસંગે બાકરોલ સ્વામી નારાયણ મંદિરેથી ગુરુહરિ પરમ પૂજ્ય પ્રબોધ જીવન સ્વામીજીના અનુયાયી સ્વામીશ્રી સુચેતનસ્વામી તથા બીજાસંતો આશીર્વચન આપવા પધાર્યા હતા. કહેવાય છેનેકે જે સંતના શરણમાં જાય છે એ ધન્ય થઇ જાય છે. આશીર્વચન આપવા પધારેલ સ્વામીજી એ જણાવ્યું કે, 'આખો સમાજ અને વરસડા ગામ ભેગા થઇને આ દીકરીઓને પરણાવી કે જેમાં ત્રણ દીકરીઓના પિતા પણ હયાત નથી. એવી દીકરીઓને કેટલી ખુશી થાય કે મને મારા આખા સમાજ અને ગામના લોકોએ પરણાવી એનાથી તો મોટું કોઈ પુણ્યનું કામ નથી, જે આ લીમ્બચયુવા ચેરીટેબલ ટ્રસ્ટના બધા કારોબારી મિત્રોએ કરી બતાવ્યું છે.' તેઓએ પણ સમગ્ર લીમ્બચ યુવા ચેરીટેબલ ટ્રસ્ટના સૌ સદસ્યોને આવા ઉત્તમ કાર્યબદલ ખોબલે ખોબલે આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગે લીમ્બચધામ વરસડાના આંગણે પધારેલા માનવંતા અતિથિ વિશેષશ્રીઓ સર્વ શ્રી નગીનભાઈ વી. પારેખ (COD Reaserch PVT. LTD. Ahmedabad) શ્રી મુકેશ ભાઈ નાયી (પ્રમુખ, લીમ્બચયુવાસંગઠનગુજરાતપ્રદેશ), શ્રી ચેતનભાઈ વાળંદ (પ્રમુખ, ૨૧૨ જૂથ અને સમસ્ત હિન્દુ વાળંદ સમાજ), શ્રી વિષ્ણુભાઈ (ભુવાજી, સાંકરદા), શ્રી પ્રવીણ ભાઈ શર્માં (ઉપ પ્રમુખ, લીમ્બચ યુવા સંગઠન ગુજરાત પ્રદેશ), શ્રી ભાનુભાઈ વૈદ્ય (મંત્રીશ્રી, વાળંદ સેવા સંઘ), ડો. કેયુરભાઈ કે. પારેખ (પ્રિન્સીપાલ, ડભોઇ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ તથા ટ્રસ્ટી, લીમ્બચયુવા ચેરીટેબલ ટ્રસ્ટ), માનવંતા મહેમાન શ્રીઓ શ્રી યશપાલ પરમાર સાહેબ (નાયબ મામલતદાર, ઉમરેઠ), શ્રી અંબુભાઈ વૈદ્ય (પ્રમુખ, પારેખ પરિવાર વડોદરા), શ્રી રમણભાઈ પારેખ (નિવૃત PSI), શ્રી અલ્પેશભાઈ પારેખ (ASI,પોલીસખાતું), શ્રી વિનોદભાઈ એસ. વાળંદ (ઉપ પ્રમુખ, હાલોલ કંજરી પારેખ પરિવાર), શ્રી મયૂરભાઈ પારેખ (NDRF), શ્રી કૃણાલભાઈ ભાટીયા (પ્રમુખ, દર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ), શ્રી વિપુલભાઈ વાળંદ (પ્રમુખશ્રી, લીમ્બચ યુવા સંગઠન મહીસાગર), ભરત ભાઇ મહારાજ (ગળતેશ્વર મંદિર) તથા પ્રવીણભાઈ પારેખ (મેનેજર, SBI, હાલોલ) ને લીમ્બચ યુવા ચેરીટેબલ ટ્રસ્ટના ઉપ પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ પારેખ, મહામંત્રી શ્રી કલ્પેશભાઈ પારેખ, મંત્રીશ્રી કલ્પેશભાઈ પારેખ, સહમંત્રી શ્રી સંદીપભાઈ પારેખ, ખજાનચી શ્રી યોગેશભાઈ પારેખ, સંગઠન મંત્રી શ્રી ડો રાજુભાઈ પારેખ, સંકલન મંત્રી શ્રી ધમિલભાઈ પારેખ અને ડો. પરેશભાઈ પારેખ, સંજયભાઈ પારેખ તથા કારોબારી સભ્યશ્રીઓ દ્વારાભાવભીનો આવકાર આપવામાં આવ્યો. ત્યારબાદ પધારેલ મહેમાનશ્રીઓના કરકમળ વડે મા લીમ્બચનો દીપ પ્રગટાવી સમૂહલગ્નનો મંગલકારી શુભારંભ કરાવ્યો. ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઅનુસાર આંગણેપધારેલા મહેમાનશ્રીઓનું શબ્દોનાસથવારે સ્વાગત અને પરિચય લીમ્બચ યુવા ચેરીટેબલ ટ્રસ્ટના ખંતીલા અને વિઝનરી અધ્યક્ષ ડો. નયનભાઈ આર. પારેખ અને પ્રમુખ શ્રી પરેશભાઈ એમ. પારેખ આગવી શૈલીમાં સુમધુર સ્વરે કર્યું હતું. ત્યારબાદ મહેમાનશ્રીઓનું પુષ્પ ગુચ્છ અને રામ લલાનો ફોટોઆપીને પણ સ્વાગત કરવામાં આવ્યું હતુ આ માંગલિક પ્રસંગનો મંગલ શુભારંભ ગણેશસ્થાપના કરીને કરવામાં આવ્યો. ત્યારબાદ પાંચેય જોડાને બેસાડીને

મંડપ મૂહુર્ત અને ગ્રહશાંતિની વિધિ કરવામાં આવી. ત્યારબાદ પાંચેય વરરાજાઓને બગી પર બિરાજમાન કરી અને DJના તાલે ગીતોની સુરાવલી અને નૃત્ય સાથે વરઘોડો કાઢવામાં આવ્યો અને વાજતે ગાજતે લગ્ન મંડપમાં તેઓની પધરામણી કરવામાં આવી, એથી વિશેષ વાત એરહી કે કન્યાઓને બગીમાં બેસાડીને વરસડા ગામ માં યાત્રા કાઢીને લગ્ન મંડપમાં પધરામણી કરી અને લગ્નની ધાર્મિક વિધિ સંપન્ન કરવામાં આવી.

## 'કન્યાદાન એ શ્રેષ્ઠ મહાદાન'

લીમ્બચ યુવા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રથમ સમૂહલગ્નના આયોજનમાં સમગ્ર છત્રીસ મૈયોડ જથ, અન્ય વાળંદ સમાજના જથ તથા વરસડા ગામના સર્વસમાજના લોકોએ તન, મન અને ધનથી દાન કરીને પ્રસંગને દીપાવ્યો. પ્રથમ સમૂહ લગ્ન પ્રસંગે માત બર રકમ અને કન્યાદાનની વસ્તુઓ જેવી કે રસોડાના વાસણો, લાકડાનો બેડ, કબાટ, ગાદલા, ઓશિકા, ફ્રીઝ, ચાંદી-સોનાના ઘરેણા વગેરે દાનકરી અદ્વિતીય સહયોગ આપ્યો. આ શુભ અવસરે સાવલીના યુવા અને જોશીલા ધારાસભ્યશ્રી માનનીય કેતનભાઈ ઈનામદાર તરફથી કન્યાદાન કીટ આપવામાંઆવી. આ ઉપરાંત પારેખ સમાજ તથા અન્ય સમાજના પરિવારો તરફથી નાની-મોટી જીવન જરૂરી કન્યાદાનની ૯૦થી ૧૦૦ વસ્તુઓ પ્રાપ્ત થયાનો આનંદ છે.

આ સમુહલગ્નની ખાસ વિશેષતા એ હતી કે સમુલગ્નની સાથે સાથે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન શ્રી જલારામ બ્લડ બેંક દ્વારા અનેપ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાનું રજીસ્ટેશન કરવામાં આવ્યુ હતુ જેમાં સમાજ અને વરસડા ગામના લોકોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

આ શુભ અવસર નિમિત્તે લીમ્બચ યુવા ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ ડો. નયનભાઈ આર. પારેખે જણાવ્યુ કે સમાજના સર્વાંગી વિકાસ માટે સામાજિક જવાબદારી અદા કરવા માટે કટિબદ્ધ બનવું એજ સાચો યુવા ધર્મ છે. ડો. નયનભાઈએ કહ્યું કે સમાજ આર્થિક રીતે મજબૂત બને એ માટે સમૂહ લગ્ન રામબાણ ઈલાજ છે. સમાજના દરેક વર્ગના લોકો સમૂહ લગ્નમાં જોડાય અને ખોટા ખર્ચાઓ થતા બચાવીને એ પૈસો બાળકોના શિક્ષણ પાછળ ખર્ચવા માટે તેઓએ આહ્વાન કર્યું. તેઓએ આ ભગીરથ કાર્યનો યશવર-કન્યાના માતા પિતાને આપ્યો કે જેઓએ પોતાના સંતાનોને આ સમૂહલગ્નમાં જોડયા છે. તેઓશ્રીએ લીમ્બચ યુવા ચેરીટેબલ ટ્રસ્ટની પોતાની સમગ્ર ટીમ તથા ટીમ વરસડા કે જેઓ છેલ્લા ત્રણ-ચાર મહિનાથી સતત ઉભાપગે રહીને સમગ્ર પ્રસંગને ચાર ચાંદ લગાવવા બદલ દિલથી આભાર વ્યક્ત કર્યો. આ પ્રસંગે સૌને સાથે લઈને ચાલનારા અને સમાજ સેવાના ભેખધારી એવા લીમ્બચ યુવાચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી પરેશભાઈ એમ. પારેખે જણાવ્યું કે આ સમૂહ લગ્નથી આપણા સમાજમાં પૂર્વ ક્યારેય ન જોવામળીહોય એવી ભાવનાત્મક એકતા જોવા મળી છે. આખું વાયુમંડળએ વુંરચાયું કે સમાજનો દરેકવર્ગ આ સેવાકાર્યમાં જોડાયો અને આ સમૂહ લગ્ન રૂપી યજ્ઞમાં પોતાની યથા શક્તિ આહુતિ આપી, એ ચાહે પૈસાથી કે સમયથી હોય પણ નાના માં નાનો માણસ આ યજ્ઞમાં જોડાયો એનો આનંદ અને રાજીપો વ્યક્ત કર્યો હતો. તેઓ એ લીમ્બચ યુવા ચેરીટેબલ ટ્રસ્ટના સૌ કારોબારી સભ્યોનો આ પ્રસંગને ભવ્ય સફળતા અપાવી એ બદલ અભિનંદન આ પીને ધન્યવાદની લાગણી પ્રગટ કરી હતી, આ ઉપરાંત ટીમ વરસડા-ડેસરને તો ન જ ભૂલાય !!! લીમ્બચ ધામ વરસડા-ડેસરના યુવાનો, માતાઓ, બહેનો, વડીલો, બાળકોએ ઉઠાવેલી ભારેજ હેમત વિશે જણાવતા કહ્યું કે પોતાના કોઇ પણ પ્રકારના સ્વાર્થવગર આ બધા મિત્રોએ 'વિપરીત સંજોગોમાં પણ અડીખમ ઉભા રહીને આદર્શ દાખલો બેસાડ્યો છે. સમષ્ટિના સુખમાટે વરસડા-ડેસરના મિત્રોએ પોતાના અંગત દુઃખને હૃદયમાં દબાવીને સમાજ પ્રેમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે એમ કહીને તેઓએ પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું ડભોઇ કોલેજના પ્રિન્સીપાલ શ્રી ડો. કેયુરભાઈ પારેખે જણાવ્યું કે સમુહલગ્ન માં આયોજકો, હોદેદારો તથા કાર્યકર્તાઓ અને દાતાશ્રીઓ નિસ્વાર્થ તનતોડ મહેનત કરી આપણા સમાજ માં પરિવારોને આર્થિક ફાયદો થાય અને વિભક્ત કુટુંબ માં પણ સગસંબધીની ખોટના વર્તાય અને નવદંપતીને નવો સંસાર વસાવવા જેટલી ઘરવખરી સહીત સમાજ તરફથી દાન આપવામાં આવે છે. જેથી લોકો ઘરમાં

કોઈ ખર્ચના કરે! અને પરિવારને બે પૈસા બચે અને વર-કન્યાનો સંસાર આનંદથી ચાલે. હવે આવો આપણે સૌ ભેગા મળીને સમુહલગ્નમાં જોડાઈને સમાજે નક્કી કરેલા વ્યહવાર અંગે નિયમોનું પાલન કરી સમાજના શુભ હેતુને સહકાર આપી આવતા વર્ષના સમુહ લગ્નને સફળ બનાવીએ.

આ સમૂહ લગ્નમાં આણંદથી શશીભાઈ પારેખ અને તેમની લીમ્બચ ઓરકેસ્ટ્રા ટીમે હાજર રહીને ગીત-સંગીત-મ્યુઝીકની સેવાઓ પૂરી પાડી હતી અને કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો. કુલ પાંચ નવયુગલોએ આ સમૂહલગ્નમાં જોડાઈને લગ્ન જીવનની નવકેડીએ પગરણ માંડ્યા હતા. માં લીમ્બચનીકૃપા આ પાંચે યુગલો ઉપર અવિરતવરસતી રહે આનેતે ઓનું દામ્પત્યજીવન સફળ બંને એ જ કામના કરીએ છીએ. અંત માં લીમ્બચ યુવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રથમ સમૂહ લગ્નોત્સવ અને સ્નેહ મિલન સમારોહનું આભાર દર્શન કલ્પેશભાઈ પારેખે કર્યું. આગણે પધારેલા સૌ મહેમાનોનો અંતકરણથી આભારની સ્નેહાળ લાગણી પ્રદર્શિત કરી, છત્રીસ મૈયોડ જથ સમાવિષ્ટ સૌ પરિવારો એ સમારોહની સફળતા માટે કરેલ કાર્ય અભિનંદનને પાત્ર છે. સમાજના જે કોઈએ પ્રદર્શિત કે અપ્રદર્શિત કાર્ય કરી સમારોહને જે સફળતા અપાવી તે બદલ તેઓને માટે આભારની લાગણી વ્યક્ત કરી. આવેલ સમાજના અને અન્ય સમાજના લોકો એ જમણવાર કરીને નવદંપતીઓને આશીર્વાદ આપી છુટા પડયા હતા.

**પ્રેષક : લીમ્બચ યુવા ચેરીટેબલ ટ્રસ્ટના**
**સર્વે કારોબારી સભ્યો.**
**મો. : ૯૮૨૫૫૩૦૯૦૯ / ૭૭૭૭૯૧૨૨૭૭**

## શ્રી બાવન લીમ્બાચીયા સમાજસેવા ટ્રસ્ટ, સરોડા - ચંડીસર, જી.અમદાવાદ, દ્વારા 26મો સમૂહ લગ્નોત્સવ યોજાયો

તારીખ 24-2-24 શનિવારના રોજ શ્રી ખોડિયાર, શ્રી વહાણવટી સિકોતર માતાજીની વાવ/ મંદિર, સરોડા - ચંડીસર મુકામે ટ્રસ્ટના અગ્રણી પ્રમુખ શ્રી ગોપાલભાઈ કાનજીભાઈ વાળંદ, ઉપપ્રમુખશ્રી વિપુલભાઈ ધીરુભાઈ પારેખ,મંત્રી શ્રી મનીષભાઈ કનુભાઈ પારેખ,સહમંત્રી શ્રી દિનેશભાઈ પરસોત્તમભાઈ પારેખ, ખજાનચી શ્રી તેજસભાઈ પ્રવીણભાઈ પારેખ, તેમજ સર્વ કારોબારી સભ્ય તેમજ વ્યવસ્થાપક સમિતિ, સમાજના તમામ ગામો તથા શહેરોમાં વસતા કુટુંબ સહ પરિવાર,આરંભાર વિદ્વાન ભૂદેવોના શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે સપ્તપદીના ફેરા ફરી નવજીવનની શુભ શરૂઆત કુળદેવી, શ્રી ખોડીયાર, શ્રી વહાણવટી સિકોતર, શ્રી લીંબચ માતાજીના આશીર્વાદ સાથે કરી હતી.

સમુહ લગ્નના ભોજનના દાતા શ્રી સ્વ મફતભાઈ આત્મારામભાઈ પારેખ,સહ પરિવાર, ગામ કનીજ.તેમજ દીકરીઓને ભેટ સોગાદ રૂપે ઘરેણા, કપડાં, ફર્નિચર, ઘર વપરાશની વસ્તુઓ સહિત આશરે 67 જેટલી વસ્તુના સમસ્ત દાતાશ્રી તેવા સમાજના જ્ઞાતિબંધુશ્રીના સાથ સહકાર થકી સુંદર આયોજન થયેલ.

સમાજના પ્રસંગ માં વિશેષ ઉપસ્થિતમાં શ્રી કિરીટસિંહ ડાભી - ધારાસભ્ય ધોળકા, શ્રી મહેન્દ્રસિંહ મંડોડા, ઉપપ્રમુખ અમદાવાદ જિલ્લા ભાજપ, તેમજ ગુજરાત વાળંદ સેવા સંઘના મંત્રી શ્રી ભાનુભાઈ વૈદ્ય, લિમ્બચ યુવા સંગઠન - પ્રમુખ શ્રી મુકેશભાઈ નાઈ, સહમંત્રી શ્રી મનસુખભાઈ પારેખ, ગુજરાત વાળંદ સેવા સંઘના એન્જિનિયર શ્રી ભાવિનભાઈ પારેખ, નંદ પરિવાર ગ્રુપ શ્રી હસમુખભાઈ લખતરિયા નાઈ એકતા મંચ સોશિયલ મીડિયાના એડમીન શ્રી રમણભાઈ લીમ્બાચીયા તેમજ સરોડા, ચંડીસર, કે.વાષના ગામના સરપંચ શ્રી ઉપસ્થિત રહેલ.

આગોતરા આયોજનના ભાગ રૂપે માતાજીના આગામી હોમાત્મક હવનમાં યજમાન પદના લાભાર્થીની ઉછામણીનો સૌ એ લાભ લીધો અને યજમાન શ્રીની ફાઈનલ યાદી નીચે મુજબ રહેલ.

મુખ્ય પાટલાના યજમાન પદ ૪૧૦૦૦/- Rs .શ્રી ચીકાભાઈ ભીખાભાઈ પારેખ ,ગામ -બાવળા

મુખ્ય આરતીના યજમાન પદ ૧૧૦૦૦/- Rs શ્રી કિર્તીભાઇ બાબુભાઈ પારેખ ,ગામ ચલોડા

ધ્વજા રોહનના યજમાન શ્રી :- ૧૬૦૦૦/- શ્રી મનીષભાઈ કનુભાઈ પારેખ , ગામ - લાલી

સમૂહ લગ્નોત્સવ સંગીતમય બનાવવા પ્રાચીન સંસ્કૃતિની છબી તાજી થાય એવો શેહનાઈ ,ઢોલ સાથે

આમંત્રિત મહેમાનો, દીકરીઓ, વરરાજાઓના વધાવવા, તેમજ સમગ્ર પ્રસંગને LED ટીવી રૂપી મોટા પડદે જોઈ શકાય એવું સુંદર આયોજન કરેલ અને વરરાજાના આગમનથી લઈ કન્યા વિદાય સુધીની કાર્યક્રમની રૂપરેખાને સમયસર ઓપ આપી. પ્રસંગને સૌ એ હર્ષોલ્લાસ સહ માણ્યો તેના થકી શ્રી બાવન લિંબચીયા સમાજની સામાજિક એકતા,આત્મીયતાના દર્શન થયા.....

માં લિંબચ્ આવનાર સમય માં આ રીતેજ સમાજની એકતા અને અખંડિતતા બનાવી રાખે એજ અભ્યર્થના. આભાર

**આપના હિતેચ્છુ,**
**શ્રી બાવન લિંબચીયા સમાજ સેવા ટ્રસ્ટ વતી**
**સરોડા - ચંડીસર**

## શ્રી સોસ્તર જુથ નાયી સમાજ, વિજાપુર આયોજીત ૪૧ મો લિમ્બચ માતાજીનો પાટોત્સવ અહેવાલ

સહર્ષ જણાવવાનું કે તા. ૨૦-૦૨-૨૦૨૪ના રોજ લિમ્બચ માતાજીના પટાંગણમાં ૪૧ મા માતાજીના પાટોત્સ્વની ઉજવણીની શરૂઆત કરવામાં આવી. આ વખતે લિમ્બચ માતાજીના પાટોત્સવની ઉજવણી હર્ષ ઉલ્લાસથી કરવામાં આવી. આ વખતે માતાજીના પાટોત્સવમાં આપણા સમાજના મોટી સંખ્યામાં લિમ્બચ માતાજીના પાટોત્સવનો લાભ લેવા પધારેલ હતા.

સવારે લિમ્બચ માતાજીની આરતી કરવામાં આવી ત્યારબાદ હવન પુજાની શરૂઆત કરવામાં આવી. સવારે ૯.૦૦ કલાકે ગણતિદાદાની પુજા અને હનુમાનદાદાની પુજા કરવામાં આવી ત્યારબાદ લિમ્બચ માતાજીની ધજા, ગણપતિ દાદાની ધજા અને હનુમાન દાદાની ધજાની પુજા કરવામાં આવી અને માતાજીની ધજા રોહણ વિધિ કરવામાં આવી.

લિમ્બચ માતાજીના પાટોત્સવની પૂર્વ તૈયારી રૂપે જે સ્વયં સેવકોની કામગીરી સોંપવામાં આવી તે મુજબ માતાજીના મંદિર તથા નવીન મંદિરને ફૂલોની હારમાળાથી સશોભિત કરવામાં આવ્યું. અગાઉના દિવસે સમાજના પ્રમુખશ્રી પકજભાઈ, મંત્રીશ્રી શરદભાઈ અને ઉપપ્રમુખશ્રી ગોવિંદભાઈ, મેને. ટ્રસ્ટીશ્રી રમણભાઈ તેમજ ટ્રસ્ટીશ્રીઓની હાજરીમાં તમામ સેવકોએ પોતાની જવાબદારી સમજી પાટોત્સવની તૈયારી આરંભી હતી. જેમાં સૌ પ્રથમ નામ ચતુરભાઈ (ભોતીપુરા), નાયી અશોકભાઈ (વિજાપુર), વૈદ્ય મયુરભાઈ (વિજાપુર), નાયી વિપુલભાઈ (વિજાપુર)ની કમિટિએ માતાજીના અન્નકૂટને સુંદર વ્યંજનોથી સજાવ્યો હતો. ભોજન કમિટી કન્વીનર નાયી દિનેશભાઈ (ત્રાંસવાડ)ની ટીમે ભોજનની સમગ્ર જવાબદારી સંભાળી હતી. આ તમામ કામગિરિ પૂર્વ આયોજીત હતી.

તા. ૨૦-૦૨-૨૦૨૪, મંગળવારના રોજ તમામ તૈયારી સાથે કુળદેવી લિમ્બચ માતાજીના પાટોત્સવની ઉજવણી ધામધૂમથી શરૂ કરવામાં આવી. સવારથી માતાજીની યજ્ઞ શાળામાં યજ્ઞમાં બેસનાર ભાઈ-બહેનો આવી જતા હવનકાર્યની શરૂઆત કરવામાં આવી. આ વખતે મુખ્ય પાટલા સાથે કુલ ૨૧ પાટલાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય પાટલા પર નાયી ધર્મેન્દ્રકુમાર છોટાલાલ (યુએસએ) બિરાજમાન હતા. યજ્ઞ શાળામાંમ ુખ્ય પુજારીઓ સાથે હવન કાર્યક્રમની શરૂઆત યોગ્ય મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી . સાથે સાથે દર વર્ષની જેમ લાઈવ પાટોત્સવ આપણા સમાજના જ્ઞાતિ બંધુઓ દેશ-વિદેશમાં નિહાળે તેવું આયોજન કરવામાં આવ્યું. જેમાં આ વખતે લાઈવ પ્રસારણના દાતાશ્રી નાયી સુધાબેન જીતુભાઈ (યુએસએ) હસ્તે. મોલિકભાઈના હસ્તે હતું જે ખરેખર ખૂબ જ ઉમદા દાન કાર્ય ગણાવી શકાય.

આ પાટોત્સવમાં આવનાર તમામ જ્ઞાતિ બંધુઓએ માતાજીના ચરણોમાં યથાશક્તિ મુજબ દાન અર્પણ કર્યું. જે દાન-ભેટ કમિટીના ભાઈઓ નાયી ભરતભાઈ (ગોવિંદપુરા), વૈદ્ય જયંતભાઈ (સાયબાપુર), નાયી પ્રહલાદભાઈ તલાટી (અનોડીય), નાયી અરવિંદભાઈ(વડાસણ) તરફથી સુંદર કામગિરી કરી હતી. આ વખતે વિદેશથી આવેલા જ્ઞાતિબંધુઓ તરફથી ખૂબ જ સુંદર દાન મળ્યું હતું. જેમાં હવનના મધ્યાહન સમયે યુ.કે. સમાજના ભાઈઓ જેમાં પ્રુમખશ્રી

નાયી અરૂણભાઈ (ચડાસણા) (યુ.કે.), મંત્રીશ્રી નાયી જગદીશકુમાર - વેડા (યુ.કે.), ટ્રસ્ટી નાયી રમેશભાઈ - મંડાલી (યુ.કે.), ટ્રટીશ્રી નાયી શૈલેષભાઈ - લાડોલ (યુકે), ટ્રસ્ટીશ્રી નાયી બાબુભાઈ - બદપુરા (યુ.કે.)ના તેમજ સોસ્તર સમાજના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી તેમજ ટ્રસ્ટીશ્રીઓ અને હોદ્દેદારોની હાજરીમાં વિધવા સહાય પેટે દાન આપી સમાજની વિધવા બહેનોને મદદ કરી એક ઉમદા ઉદાહરણ પૂરું પાડયું છે. આ દાન યુ.કે. માં વસતા જ્ઞાતિબંધુઓ તરફથી એકઠું કરેલ દાન હતું. જેનાથી વિધવા સહાય ફંડ માટે નવી આશાનું કિરણ બની ગયું.

માતાજીના પાટોત્સવની ઉજવણીના ભાગરૂપે બપોરે ૧૧.૦૦ કલાકે તમામ જ્ઞાતિબંધુઓને માતાજીનો પ્રસાદ લેવા માટે રામબાગ જવાનું હોવાથી રામબાગ ખાતે ભોજન કમિટી કન્વીનર નાયી દિનેશભાઈ અને તેમની ટીમે સુંદર ભોજન વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભોજન કમિટીના સ્વયંસેવકો નાયી પરેશભાઈ (ખણુંસા), પારેખ મનુભાઈ (લોદરા), નાયી ગોવિંદભાઈ (ગુંજા), નાયી અમૃતભાઈ (પિલવાઈ), નાયી ધર્મેશભાઈ (વિજાપુર), નાયી અજીતભાઈ (વિજાપુર), નાયી દિનેશભાઈ (બદપુરા), નાયી મુકેશભાઈ (સંઘપુર), નાયી કમલેશભાઈ (વરસોડા) જેઓએ સુંદર ભોજન વ્યવસ્થાનું આયોજન કરી રહ્યા હતા. કોઈને પણ ભોજન લેવામાં અગવડના પડે તેનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું હતું. ભોજન વ્યવસ્થામાં અગિયારસ ઉજવાળવાળા માટે અલગ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ભોજન કાર્યક્રમ પૂર્ણ થયા બાદ શાંતાબા હોલમાં સ્વાગતવિધિ કાર્યક્રમની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં સન્માન સમારંભ કમિટીની જવાબદારી ઉઠાવી રહેલ ભાઈઓશ્રી ઉપપ્રમુખ નાયી ગોવિંદભાઈની ટીમે જેમાં નાયી અશોકભાઈ (બદપુરા) નાયી સંદિપભાઈ, ડૉ. લાલભાઈ અને પારેખ પ્રવિણભાઈ (હિરપુરા)ની ટીમે ખૂબ જ સુંદર સ્ટેજ આયોજનની વ્યવસ્થા ગોઠવેલ હતી. આ સમગ્ર સન્માન કાર્યક્રમની તમામ જવાબદારી આપણા કર્મનિષ્ઠ મંત્રીશ્રી શરદભાઈ શર્માના શીરે હતી. જેમની અગાઉની મહેનત વડે સન્માન સમારંભ કાર્યક્રમનું આયોજન માતાજીની પ્રાર્થનાથી કરવામાં આવ્યું. જેમાં આપણી વિજાપુરથી નાની બાળાઓએ સુંદર પ્રાર્થના રજુ કરવામાં આવી. ત્યારબાદ મંચસ્થ બિરાજમાન મહેમાનોના હાથે દિપ પ્રાગટય કરી સન્માન કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો.

આપણા ઘરે કોઈ મહેમાન આવ્યા હોય અને જો આપણે તેનું સન્માનના કરીએ તો આપણે નગુણા કહેવાઈએ. જો આ વખતે આવેલ આ સન્માન સમારંભમાં મહેમાનોનું સ્વાગત બાળાઓના હાથે સ્વાગત ગીત દ્વારા કરવામાં આવ્યું. બાળાઓનું સ્વાગત એટલું સુંદર હતું કે મંચસ્થ બિરાજમાન મહેમાનોના હાથે બાળાઓ માટે ઈનામની ધનવર્ષા પણ કરવામાં આવી. જેમાં બાળાઓને નવ હજાર કરતા પણ વધુ પ્રોત્સાહિત ઈનામોની વર્ષા કરાવમાં આવી. સમાજ તરફથી બાળાઓને પણ કાચના મગ આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સાથે નાયી વિમળાબેન શંકરલાલ (વડાસણ) તરફથી બાળાઓને દિવાલ ઘડીયાળ પણ ભેટ આપવામાં આવી. બાળાઓને તૈયાર કરનાર બેનશ્રી પ્રવિણાબેન (મોતીપુરા)ને દિવાલ ઘડિયાળ આપી તેમનું સન્માન કરવામાં આવ્યું.

ત્યારબાદ આપણા સમાજના મંત્રીશ્રી શર્મા શરદભાઈએ દાતાશ્રીઓ અને મહેમાનોની સ્વાગત વિધિ કાર્યક્રમની શરૂઆત કરી. જેમાં આ વખતે માતાજીનું મંદિર રીનોવેશન જે કંઈ દાન આપણને મળ્યું છે તેની વિગતે ચર્ચા કરી, આ દાતાશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું. જેમાં સૌ પ્રથમ આપણે આ ૪૧ માં પાટોત્સવમાં આપણે ભોજન લીધું છે તેના ભોજનદાતાશ્રી નાયી ધર્મેન્દ્રકુમાર છોટાલાલ - ગોઠવા (યુએસએ) તેમજ તેમના ધર્મપત્નિ નાયી રંજનબેન ધર્મેન્દ્રકુમારનું સ્વાગત સમાજના પ્રમુખશ્રી અને તેમના ધર્મપત્નીના જિગીષાબેનના હાથે શાલ-ફુલહાર અને મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ પાટોત્સવની પત્રિકાના દાતાશ્રી ગં.સ્વ. ઈન્દિરાબેન ગોવિંદભાઈ પારેખનું સ્વાગત શર્મા પ્રવિણાબેનના હાથે શાલ અને ફુલહાર તથા મોમેન્ટ આપી કરવામાં

આવ્યું. લાઈવ પ્રસારણના દાતાશ્રી શ્રીમતિ સુધાબેન જિતુભાઈ નાયી - કુકરવાડા (યુએસએ) નું સ્વાગત સહમંત્રી નાયી ભરતભાઈના હાથે કરવામાં આવ્યું. આ લાઈવ પ્રસારણના દાતાશ્રી દાન લાવવામાં પોતાનું યોગદાન આપનાર નાયી મુકેશભાઈ (સોખડા)નું સ્વાગત ફુલહારથી કરવામાં આવ્યું. માતાજીના ગર્ભગૃહને ફૂલોથી સુશોભનના દાતાશ્રી એવા શ્રી હસમુખભાઈ આત્મારામ મુલજી - લોદરા (યુ.કે)નું સ્વાગત સમાજના ટ્રસ્ટીશ્રી શર્મા કેતનભાઈના હાથે કરવામાં આવ્યું. ત્યારપછી યજ્ઞ કરાવતા શાસ્ત્રીજીને ભેટના દાતાશ્રીને પારેખ પ્રહલાદભાઈ ટી. જે હાજર ન હોવાથી યાદ કરવામાં આવ્યા.

આ વર્ષે સમાજના માનદમંત્રી, તેમજ તેમની ટ્રસ્ટી મંડળ ટીમે મંદિરના ઉપરના માળે છ રૂમો બનાવવાનો પ્રોજેક્ટ મૂક્યો હતો. જેનાથી સમાજને ઉપયોગી અને મંદિર પરિસરના વિકાસમાં ઘણો ફાયદાકારક હતો. જેથી માતાજીની અસીમ કૃપાથી આપણને છ રૂમોના દાતાશ્રી પણ મળ્યા છે. તો આવા મહાન દાતાશ્રીઓનું સ્વાગત પણ સન્માનથી કરવામાં આવ્યું.

પ્રથમ રૂમના દાતાશ્રી પ્રમુખશ્રી નાયી પંકજભાઈ હતા જેમનું સ્વાગત મેનેજીંગ ટ્રસ્ટીશ્રીના હાથે ફુલહારથી કરવામાં આવ્યું. ત્યારબાદ બીજી રૂમના દાતાશ્રી અશોકભાઈ બી. શર્મા (બદપુરા), ત્રીજી રૂમના દાતાશ્રી શ્રીમતિ ડાઈબેન જયંતિલાલ નાયી (ભોતીપુરા), ચોથી રૂમના દાતાશ્રી ગં.સ્વ. કમળાબેન યંતિલાલ (ચડાસણા), પાંચમી રૂમના દાતાશ્રી દિનેશભાઈ ધનાલાલ વૈદ્ય - વિજાપુર (યુએસએ), છઠ્ઠી રૂમના દાતાશ્રી ગં.સ્વ. મંજુલાબેન બાબુલાલ વૈદ્ય (ગોઠવા) આમ છ રૂમોના દાતાશ્રીઓનું ફૂલહાર - મોમેન્ટ થી સ્વાગત સમાજના હોદ્દેદારોના હાથે કરવામાં આવ્યું. ત્યારબાદ આર્થિક વિધવા સહાય ફંડના પ્રતિનિધિઓ લિમ્બચ સોસ્ત્તર સમાજ (યુકે) નું સ્વાગત પણ કરવામાં આવ્યું. જેમાં પ્રમુખશ્રી અરૂણભાઈ (ચડાસણા), મંત્રીશ્રી જગદીશભાઈ (વેડા), ટ્રસ્ટીશ્રી નાયી રમેશભાઈ (ભંડાલી), ટ્રસ્ટીશ્રી શૈલેષભાઈ નાયી (લાડોલ), ટ્રસ્ટી નાયી બાબુભાઈ (બદપુરા) જેમનું સ્વાગત સમાજના હોદ્દેદારશ્રીઓના હાથે કરવામાં આવ્યું. ત્યરબાદ પ્રસંગને ખૂબ જ સફળ બનાવનાર તમામ કમિટિઓના કન્વીનર અને સ્વયંસેવકોનું પણ સ્વાગત તેમજ તેમના કામની નોંધ લઈ તેમને યાદ કરવામાં આવ્યા, આપણા આ પ્રસંગ ગુજરાત વાળંદ સેવા સંઘના પ્રતિનિધિઓએ પણ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતની નાયી જ્ઞાતિનું ગૌરવ સમા સંસ્થાના પ્રમુખશ્રી વિપુલભાઈ દલાલ, મંત્રીશ્રી ભાનુભાઈ વૈદ્ય, ટ્રસ્ટીશ્રી મુકેશભાઈ નાયી, ટ્રસ્ટીશ્રી મહેન્દ્રભાઈ બાવળીયા, સંજયભાઈ પારેખ અને પ્રકાશક બાબુભાઈ આ તમામ મહાનુભાવોનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું. સ્વાગત બાદ સમાજના પ્રમુખશ્રી પંકજભાઈ, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી રમણભાઈ પી. શર્મા એ સમાજને રીનોવેશન તથા સમાજની વિકાસલક્ષી પ્રવૃત્તિઓથી જ્ઞાતિબંધુઓને અવગત કરાવ્યા. છેલ્લે સમાજના ઉપપ્રમુખશ્રી નાયી ગોવિંદભાઈએ આભારવિધિ કરી પ્રસંગને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો. છેલ્લે માતાજીની મહાઆરતીનો લ્હાવો લઈ તમામ જ્ઞાતિબંધુઓ છુટા પડ્યા.

માતાજીના ૪૧ પાટોત્સવને સફળસ બનાવવામાં સમાજના પ્રમુખશ્રી નાયી પંકજભાઈ, મંત્રીશ્રી શરદભાઈ શર્મા, ઉપપ્રમુખશ્રી નાયી ગોવિંદભાઈ, ટ્રસ્ટીશ્રી દિનેશભાઈ, ટ્રસ્ટીશ્રી કાલિદાસભાઈ, નરેશભાઈ, અશોકભાઈ સહમંત્રીશ્રી ભરતભાઈ, મેનેજર હર્ષદભાઈ, ડૉ. લાલભાઈ, નાયી પ્રકાશભાઈ, વિજાપુરના મોટાભાગના સ્વયંસેવક ભાઈઓ, તેમજ આગળના દિવસે આજુબાજુના ગામમાંથી આવેલ સ્વયંસેવકો, નામી-અનામી તમામ જ્ઞાતિબંધુઓ જેઓએ માતાજીના પાટોત્સવમાં ખુબ જ મહત્ત્વની સેવાઓ આપી જેમને મા

લિમ્બચ સુખમય અને આરોગ્ય અર્પે એવી મા કુળદેવી લિમ્બચને પ્રાર્થના...

**અહેવાલ લેખનકર્તા :**
**કેળવણી કન્વીનર, ડૉ. લાલભાઈ એમ. નાયી**

'વાળંદ વિકાસ'માં પ્રસિદ્ધ થનાર લખાણની જવાબદારી તેના પ્રેષકની રહેશે. ગુજ. વા. સ. સંઘ, તંત્રી કે સંપાદક મંડળ હંમેશા તેની સાથે સહમત છે તેવું માનવું નહિ. – તંત્રી, વા.વિ.

## શ્રી લીંબચ માતા જ્વાલા માતા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ

### વાળંદ – નાયી જ્ઞાતિનાં આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને આર્થીક સહાય'

શ્રી લીબચ માતા જ્વાલા માતા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદ સાલ ૨૦૦૨થી વાળંદ જ્ઞાતિના આર્થીક રીતે નબળા વિદ્યાર્થીઓને આર્થીક સહાય પહોંચાડતુ આવેલ છે. સાલ ૨૦૨૪–૨૦૨૫ માં ધોરણ ૧૦ થી આગળ અભ્યાસ કરવા માંગતા આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ પાસે આર્થીક સહાય માટે અરજીઓ મંગાવવામાં આવે છે. ધોરણ ૧૦ બાદ મેડીકલ, એન્જીનીયરીંગ, સાયન્સ, કોમર્સ અને અન્ય ફેકલ્ટીઓમાં ઉચ્ચ અભ્યાસ માટે એડમીશન મેળવનાર વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. ગવર્મન્ટ કોલેજો (એન્જીનીયરીંગ ડીગ્રી, ડીપ્લોમાં) એડમીશન મેળવનાર વિદ્યાર્થીઓ ફી ખૂબજ ઓછી હોય આ સહાયને પાત્ર થશે નહી.

**અરજી સાદા કાગળ પર :** જરૂરી ડોક્યુમેન્ટ સાથે તા.**૧૫/૦૫/૨૦૨૪** સુધીમાં સંસ્થાના સરનામા પર રજી.પોસ્ટ અથવા કુરીયરથી મોકલવાની રહેશે.

**અરજીમાં :** પુરૂ નામ, પુરૂ સરનામું, પીનકોડ, મોબાઇલ નંબર, બેંક એકાઉન્ટ નંબર, બેંકનું તથા બ્રાન્ચનું નામ, IFSC કોડ, છેલ્લે પાસ કરેલ પરિક્ષાની વિગત (નામ) કુટુંબની વાર્ષિક આવક, ફોટો તથા અન્ય વિગતો સારા અક્ષરે લખી નીચે જણાવેલ લાગુ પડતા ડૉક્યુમેન્ટસ સાથે સમયસર મોકલી આપવાની રહેશે.

**અરજી સાથે જોડવાના ડૉક્યુમેન્ટસ :** (૧) બેંક એકાઉન્ટ નંબર વાળા પેજની ઝેરોક્ષ કોપી. (૨) કુટુંબની આવકનો દાખલો. (૩) છેલ્લે પાસ કરેલ પરિક્ષાની માર્કશીટ. (૪) જ્ઞાતિના કોઇ પણ સંસ્થાના પ્રમુખ, મંત્રીશ્રી નો ભલામણ પત્ર. (૫) નવું એડમિશન લીધુ હોય તો તેની રીશીપ્ટ. (જે પછીથી પણ મોકલી શકાય). (૬) પાસપોર્ટ સાઇઝના બે ફોટા.

**નોંધ :** (૧) ધોરણ ૧૦ પછીના ઉચ્ચ અભ્યાસ માટે જ અરજી કરી શકાશે. (૨) સરકારી કોલેજમાં એડમીશન મળે તેને આર્થીક સહાય મળવા પાત્ર નથી. (૩) ફેમીલી દીઠ એકજ અરજી માન્ય રહેશે.

સંસ્થા જ્ઞાતિનાં દાતાઓ તરફથી મળતી દાનની રકમ પર જ નિર્ભર હોય અને અન્ય કોઇ સરકારી મદદ મળતી ન હોય, માન્ય થયેલ અરજી નાં અરજદારોને પ્રાપ્ય રકમ વહેંચી આપવામાં આવે છે. અરજી માન્ય / રીજેક્ટ કરવાની સત્તા સંસ્થાની કમીટી/ટ્રસ્ટી મંડળની રહેશે. ગત વર્ષે ૨૦૨૨-૨૦૨૩ માં ૪૫ વિદ્યાર્થીઓના ખાતામાં દરેકને ૩,૦૦૦/- જમા કરવામાં આવેલ. નાયી – વાળંદ જ્ઞાતિનાં ગુજરાત ભરના કોઇપણ વિદ્યાર્થી અરજી કરી શકે છે.

**અરજી મોકલવાનું સરનામું :** કીરીટકુમાર એમ. ભટ્ટી (મંત્રીશ્રી) બી–૪૩, સુર્યવન એપાર્ટમેન્ટસ, જજીસ બગલા ચાર રસ્તા, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. ૯૮૨૫૧ ૮૬૦૦૮.

એજ્યુકેશનને મહત્વ આપતાં દાતાશ્રીઓને આપનું દાન નીચેનાં એકાઉન્ટમાં જમા કરાવવા વિનંતી

શ્રી લીંબચ માતા જ્વાલા માતા પરિવાર ચે.ટ્રસ્ટ.
A/C. No. 48720880, Indian Bank
IFSC Code. IDIB000S156
BRANCH S.G. ROAD, AHMEDABAD

## શ્રી હિંદવાણી નાયી સમાજ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટની સરાહનીય કામગીરી

શ્રી હિંદવાણી નાઈ સમાજ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દિયોદર દ્વારા દિયોદર તાલુકામાં ધોરણ 10 અને 12 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા વિશે જાણકારી આપવામાં આવી સાથે બાળકોને પ્રોત્સાહન માટે કિટ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી

આ અંગે વિદ્યાર્થીઓને દોનાભાઈ માસ્તર તથા અશોકભાઈ માસ્તર તથા પરબતભાઇ સાહેબ તથા સામળભાઈ માસ્તર તેમજ રઘુભાઈ  દ્વારા બહું જ સુંદર બોર્ડની પરિક્ષા વિશે બાળકોને જાણકારી આપવામાં આવી હતી,આ પ્રસંગને દિપાવવા ભારતીય જનતા પાર્ટી દિયોદર તાલુકાના બક્ષીપંચ મોરચાનાં પ્રમુખ શ્રી ઈશ્વરભાઈ નાઈ તથા દિયોદર એશોશીયન પ્રમુખ શ્રી નાઈ સોમાભાઈ તથા પરબતભાઈ તથા સામળભાઈ એ હાજરી સાથે સાથે રઘુભાઈ સરદારપુરા, અશોકભાઈ નવા, દેવેન્દ્રભાઈ રૈયા, સોમાભાઈ ધુણસોલ, પિન્ટુભાઈ મિઠા, નરેશભાઈ જાલોઢા,

દોનાભાઈ માસ્તર, રઘુભાઈ પત્રકાર, શૈલેશભાઈ દિયોદર દ્વારા સહકારથી આ કાર્યક્રમને સફળ બનાવ્યો એ બદલ સમગ્ર ટિમ વતી આપ સર્વે મિત્રોનો દિલથી રદયપુર્વક ખુબ ખુબ આભાર માનું છું.

**અહેવાલ - ડો દિનેશ નાયી ( દીપ) ભાભર**

## અભિનંદન

## શ્રી દિગીશ નરોત્તમભાઈ લિંબાચીયા



અદાણી રીયલ એસ્ટેટ કોરપોરેટ સેક્ટર, શાંતિગ્રામ, અમદાવાદ ખાતે મેનેજર (ફાઈનાન્સ) તરીકે કામ કરતા **શ્રી દિગીશ નરોત્તમભાઈ**ને સતત દસ વર્ષની નોંધનીય અને કાર્યક્ષમ કામગીરીને ધ્યાનમાં લઈ ‘બેસ્ટ પરફોમન્સ ફોર લાસ્ટ ટેન ઇયર્સ’ એવોર્ડ, અને સોગ્રામ ચાંદીનો મોમેન્ટો પ્રોત્સાહનરૂપે આપવામાં આવ્યો છે.

શ્રી દિગીશ ગુજરાત યુનિવર્સિટીના સ્કૂલ ઓફ બીજનેશ મેનેજમેન્ટના એમ.બી.એ. (ફાઈનન્સ) છે તથા તાજેતરમાં અદાણી કોરપોરેટ કંપનીએ પોતાની અડાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટમાં એમ.બી.એ. સમકક્ષ એક વર્ષનો પાર્ટટાઇમ કોર્સ પોતાના ખર્ચે કરાવેલ છે. જેમાં દેશની જુદી જુદી કંપનીના સીલેક્ટેડ કેન્ડીડેટ્સને એડમીશન આપવામાં આવે છે.

શ્રી દિગીશ નરોત્તમભાઈ ગુ. વા. સે. સંઘના ટ્રસ્ટી/ખજાનચી શ્રી નરોત્તમભાઈ એચ. નાઈના સૌથી નાના પુત્ર છે. આ વિશિષ્ઠ સિદ્ધિ મેળવવા બદલ અભિનંદન પાઠવવામાં આવે છે. શ્રી દિગીશભાઈએ પોતાના વતન પીંઢારપુરા, તેર સમાજ અને કુટુંબનું નામ રોશન કરેલ છે. ધન્યવાદ.

**પ્રેષક : હિરેન નરોત્તમભાઈ લિંબાચીયા**
**મદદનીશ જિલ્લા સૈનિક વેલફેર ઓફિસર, ભૂજ (કચ્છ)**

## હાર્દિક અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છા સમાજગૌરવ

ભારત સરકારના કાયદા વિભાગના નોટરી સેલ દ્વારા નોટરી તરીકે પસંદગી પામેલ આપણાં સમાજના વકીલ સાહેબો સર્વશ્રી, પ્રિયંકા હર્ષદભાઈ ગીલિટવાળા- નડિયાદ, ધારા અરવિંદભાઈ પારેખ-સુરત, જયેશકુમાર ઉમાકાન્ત નાઇ-સુરત, જીગ્નેશભાઈ જશવંતભાઈ લખતરિયા-રાજકોટ, હિતેશભાઈ જી. ગોહેલ-રાજકોટ, સંજયભાઈ રતિલાલ પરમાર-રાજકોટ, ધવલભાઈ અરવિંદભાઈ શિશાંગીયા-રાજકોટ, દીપકભાઈ પ્રદીપભાઈ રાઠોડ-ભુજ, વિજયકુમાર બાબુલાલ વૈદ્ય-વિજાપુર, સુનીલકુમાર નટવરલાલ નાઇ-પાલનપુર, નીતિન કુમાર ધીરજલાલ ચૌહાણ-મહુવા, ભાવનગર. તમામને સમગ્ર સમાજ તરફથી હાર્દિક અભિનંદન સાથે શુભેચ્છા.

**– ગુજરાત વાળંદ સેવા સંઘ**

## અભિનંદન




મૂળ વડોદરા-ચરોતરના વતની હાલ અમદાવાદ સ્થિત **શ્રી જયંતીભાઈ મગનલાલ શર્મા**ને તાજેતરમાં સંગીત ક્ષેત્રે તેમના નોંધનીય યોગદાન બદલ **‘સંગીત નાટક એકેડેમી પુરસ્કાર ૨૦૨૩’**થી આપણા દેશના માનનીય રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજીના વરદહસ્તે એનાયત કરવામાં આવેલ છે. એ રીતે શ્રી જયંતીભાઈએ આપણા સમાજનું નામ રોશન કર્યું છે. તેઓ આવા પ્રતિષ્ઠિત પુરસ્કારથી સન્માનિત થયા એ આનંદની વાત છે. પ્રાચીન ભારતીય સંગીતના ખજાનામાં મહત્વના કહી શકાય એવા અપ્રચલિત તરંગ વાદ્યોનું સંશોધન દ્વારા નવસર્જન કરીને આ ક્ષેત્રે સારું એવું ખેડાણ કરનાર શ્રી જયંતીભાઈ મગનભાઈ શર્માને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

**- ગુજરાત વાળંદ સેવા સંઘ**

## અભિનંદન



ચિ. ધવલ દર્શન નાયી જે શ્રી બાબુભાઈ (મનુભાઈ) અંબાલાલ નાયીના પૌત્ર છે. શ્રી બાબુભાઈ પુંધરા વાળંદ વિદ્યાર્થીગૃહના ભૂતપૂર્વ વિદ્યાર્થી, ગુ. વા. સે. સંઘના દાતા, શુભેચ્છક, સરઢવ, તા. જિ. ગાંધીનગર મોટી છાસઠ જથના હાલ લેસ્ટર યુ.કે.માં સ્થાયી થયેલ છે. **તેમના પૌત્ર ધવલ નાયી જુન ૨૦૨૩માં કેમ્બ્રીજ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ IGCSE સંસ્કૃતની પરીક્ષામાં વર્લ્ડમાં highest માર્ક્સ મેળવીને ઉત્તીર્ણ થયા છે** તે બદલ ગુ. વા. સેવા સંઘ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. ચિ. ધિવલે Physicsમાં માસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરી છે અને હવે આગળ Ph.D.ના અભ્યાસ માટે પ્રયત્ન ચાલુ છે. ચિ. ધવલ તેના પરિવારનું તથા જ્ઞાતિનું નામ રોશન કરે તેવી શુભેચ્છા ઓ પાઠવવામાં આવે છે.

- ગુજરાત વાળંદ સેવા સંઘ

## અનહદ પ્રેમનું નજરાણું

વાયરાની સંગાથે નીકળ્યા;<br>
માણતા પ્રકૃતિનો નજારો,<br>
એક-મેકમાં વિભોર થઈને,<br>
જીવ્યા પલો હજારો...<br>
જીવનના એ અતૂટ સંબંધો;<br>
ડગાવે નહિ વિશ્વાસ પોતાનો,<br>
ભરોંસાએ જીવન બતાવ્યું;<br>
'અર્ધાંગિની'ની આ વાતો...<br>
ત્યાં સવારી કરતા સ્વામી બોલે;<br>
તારા જેવું કોઈ નહિ જગમાં,<br>
બસ તું જ મારો સહારો;<br>
તારા થકી હું અને મારા થકી તું...<br>
પ્રેમનું આ અનહદ નજરાણું<br>
જોતાં ઈશ્વર ખુદ ખુશ થાય<br>
નજરાય નહિ ક્યારેય આ સંબંધ;<br>
કહેવાનું આવું મન થાય 'અર્ધાંગિનીને'.

ધ્રૃવિ હિરેન પારેખ, એમ.એસસી.<br>
સુણેવખૂર્દ, તા. હાંસોટ, જિ. ભરૂચ

MAJESTY
CONSULTANCY

કેયુર રમેશભાઈ શર્મા
મો. ૯૪૨૯૨૦૭૮૩૮

મજેસ્ટી કન્સલ્ટન્સી

(ટેક્ષ કન્સલ્ટન્ટ / ફાઇનાન્સીઅલ એડવાઇઝર)

- ઈન્કમટેક્ષ, જી.એસ.ટી. સલાહકાર
- દરેક ધંધા / વ્યવસાયનું રજીસ્ટ્રેશન
- એકાઉન્ટ લખી આપવામાં આવશે
- હોમલોન / મોર્ગેજ લોન / પર્સનલ લોન

Email : majestyconsultancy@gmail.com

ઓફિસ : દુકાન નં. ૨૦, પહેલો માળ, ઘનશ્યામ કોમ્પલેક્ષ,
ઓવર બ્રીજ પાસે, ચાંદલોડીયા, અમદાવાદ - ૩૮૨૪૮૧

## BIO-DATA



**PERSONAL DETAILS**

Name : **RAHIL PAREKH**
Birth Date : 28-10-2000
Birth Place : AHMEDABAD
Height : 6.3”
Weight : 90 kg
Hobbies : Music,Travelling
Languages known : Gujarati, Hindi, English
Education : Hotel management (in USA)
Occupation : Business (Self-employed)
Nationality : United States citizen

**FAMILY BACKGROUND**

Father’s Name : Hitenbhai Govindbhai Parekh
Occupation : Business (Self-employed)
Mother’s Name : Nayanaben Hitenbhai Parekh
Occupation : Housewife
Brother’s Name : Krimesh Hitenbhai Parekh
Occupation : Business

**CONTACT DETAILS**

Address : D 1, Lalita Society, Near lotus school, Isanpur, Ahmedabad
Contact No. : +917016081777 (whatsapp) +1(770)895-4236 +1(770)875-7815

## BIO-DATA




Name : **Sharma Krunal Sanjaybhai**
Birth Date : 21-02-1994
Birth Place : Pethapur, Gandhinagar
Height : 5’ 6"
Occupation : Work At Muji, Oxford Street, Central London
Education : Study at University of West England, Bristol
Address : 4, Elmcroft Garden, Kingsbury, London NW9 9QP

**Family Background**

Father : Sharma Sanjaybhai Dahyalal
Occupation : Service
Contact No. : +91 9825930899
Mother : Sharma Arunaben Sanjaybhai
Brother : Sharma Ronak Sanjaybhai
Address : J-102, Shukan Villas, Sargasan Cross Road, Sargasan, Gandhinagar

## BIO-DATA



Name : **Parekh Pranav Jigneshkumar**
Birth Date & Time : 13-03-1998 : 4.25 pm
Birth Place : Mahudha (Nadiad)
Native : Origin - Nar Pandoli
Jath : 22-40 (Charotar)
Current Address : City Kitchener, Ontario State, CANADA
Cast : HIndu Valand
Height : 5' 9" Weight : 60 Kgs.
Blood Group : A+
Qualification : BE (Mechanical Engineering) PG (Design)
Profession : Inventor, Design Engineer

**Family Background**

Grandparents : Jayantilal Chhotalal Parekh
Jayaben Jayantilal Parekh
(Retired FHS, Govt. Health Dept)
Grand Parents from Khadia, Varaipada-Ahmedabad & presently lived at Mogar
Father : Jignesh Jayantilal Parekh
Sr. Officer (Accounts) at Nirma Ltd., Savli, (M) 9974599067
Mail : jigneshparekh1968@gmail.com
Mother : Roopaben Parekh, Convenor at Private Gujarati Primary School, Anand (M) 7383451303
Brother : Kabir Parekh (Study) in Std. 8 BAPS School, Anand

**Address :**

Permanent Address : 5, Geeta Bharti Society, Near Mahadev Temple, At & Post : Mogar, Ta. Dist : Anand PIN-388340
Present Address : 3A, Sahjanand Society, Near APC, Opp. Motikaka Ni Chali, Anand Vidhya Nagar Road, Anand

**Other Details :**

Mosal : Umangkumar Kiritbhai Parekh, Mahudha (now at Nadiad) Jalaram Society, Behind Jalaram Mandir, Opp. SRP Camp, Nadia
Mosal Jath : 42 Jath (Kapadwanj-42)

## BIO-DATA



Name : **Vatsal Parekh**
Date of Birth : 10/10/1998
Place of Birth : Ahmedabad
Place of Residence : Ahmedabad, Gujarat
Nationality : Indian
Religion : Hindu
Cast : Valand
Rashi : Taurus (Vrishabh)
Height : 5' 8"
Education : M.Com., Currently studying L.L.B.
Occupation : Accountant at S.D.C.C.
Languages : English, Hindi, Gujarati
**About Me** : I am a tall, athletic dark-haired man with an optimistic disposition. In 2021, I graduated with a Master in Commerce from Gujarat University with Distinction. Currently, I work as an Accountant at Shree Durga Crain Company. I am a well-mannered family person who worships spending quality time with their beloved. In myspare time. I love rock climbing. Rifle shooting, Exercise, Horse riding, which reflects my adventurous spirit yet sentimental nature.
Father's Name : Pankajkumar Parekh
Father's Profession : Electrician
Mother's Name : Rekhaben Parekh
Mother's Profession : House Wife
No. of Brother : 1 - Kandarp Parekh
No. of Sister : 0
Family Tyle : Nuclear
Social Class : Upper-Middle
Place of Residence : Ahmedabad
**Expectations** : I am at the stage of my career and life where I have reached satisfactory experience and self-sufficiency. I am looking for a professionally stable and financially independent life partner who knows her worth yet remains respectful of others. As an athletic person myself. I would like my partner to be physically fit and willing to spend free time getting outdoors, hiking, and climbing.
**Contact Details** :
Phone Number : +91 9033312525
Residence Address : Pakhali ni Pol, Raipur, Ahmedabad-380001

## અવસાન નોંધ

* **સંઘપુર, તા. વિજાપુર : ગીતાબેન અરવિંદભાઈ શર્મા**નું તા. ૪-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **તાતોસણ, હાલ અમદાવાદ : જયંતીભાઈ ચીમનલાલ પારેખ**નું તા. ૫-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **આગિયોલ : કચરાભાઈ કોદરભાઈ નાયી**નું તા. ૩-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **બાલીસણા : અમરતલાલ ખેમચંદદાસ નાયી**નું તા. ૨૧-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ભાંખર (ઉનાવા) : જશોદાબેન ચંદુલાલ લિમ્બાચીયા**નું તા. ૨૦-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ધીણોજ, હાલ અમદાવાદ : વસંતીબેન શાંતિલાલ**નું તા. ૧૦-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ઉવારસદ : ભાવનાબેન રમેશભાઈ પારેખ**નું તા. ૨૬-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ચાણસ્મા, હાલ અમદાવાદ : વસંતલાલ બાબુલાલ લિમ્બાચીયા**નું તા. ૯-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સાંથલી, તા. રાધનપુર : હેતલબેન પિયુષભાઈ નાયી**નું તા. ૧૩-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **કોલવડા, તા. વિજાપુર : ચંદ્રિકાબેન ડાહ્યાભાઈ લિમ્બાચીયા**નું તા. ૨૩-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **દેવડા, તા. વિજાપુર : કમળાબેન જોઈતારામ લિમ્બાચીયા**નું તા. ૨૮-૨-૨૪ના રોજ યુ.કે. ખાતે અવસાન થયેલ છે.
* **અંબાસણ, તા.જિ. મહેસાણા : રઈબેન બાબુભાઈ વાળંદ**નું તા. ૨૭-૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **તેલાવી (ભટારીયા) : કૈલાસબેન બાબુભાઈ વાળંદ**નું તા. ૮-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પીંપણ, તા. સાણંદ : ગીતાબેન કનુભાઈ વૈદ્ય**નું તા. ૧૦-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સીતાપુર, હાલ અમદાવાદ : પોપટભાઈ સોમાભાઈ પારેખ**નું તા. ૧૪-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **દેત્રોજ, જિ. અમદાવાદ : રતિલાલ ઈશ્વરભાઈ વાળંદ**નું તા. ૧૯-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ઝોલાપુર, તા. આણંદ : કમુબેન હરીભાઈ વાળંદ**નું તા. ૧૦-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **બોડાલ : હરગોવનભાઈ રામચંદભાઈ નાયી**નું તા. ૧૭-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ગઢા** : તા. મોડાસા : **નરેન્દ્રભાઈ કેસાભાઈ નાયી**નું તા. ૨૪-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સમોડા** : પાટણવાડા નાયી સમાજના પૂર્વ પ્રમુખ **અંબાલાલ નાગરદાસ શર્મા**નું તા. ૨૬-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પાટણ : ભગવતીબેન રણછોડભાઈ લિમ્બાચીયા**નું તા. ૨૫-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.

**ઉપરોક્ત દિવંગત આત્માઓને પરમકૃપાળુ પરમાત્મા ચિર:શાન્તિ અર્પે તેવી ગુજરાત વાળંદ સેવા સંઘની પ્રાર્થના.**

## તૃતિય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જયાબેન આત્મારામ વાળંદ**

**સરઢવવાળા હાલ ગાંધીનગર**

**સ્વર્ગવાસ તા. ૨૧-૪-૨૧, ચૈત્રી સુદ નોમ**

**પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાત્મા જેની ભક્તિ હતી, તેવા માતૃશ્રીને અભ્યર્થના શ્રદ્ધાંજલી**

લિ.

**પારૂલબેન કનુભાઈ લિમ્બાચીયા**
**ભામિનીબેન દિનેશકુમાર પારેખ (U.K.)**
**દેવાન્શીબેન શૈલેષકુમાર શર્મા (U.K.)**

## જીવન એક ગણિત છે

તમે પૂછશો કઈ રીતે ?
સાંભળો :
ગણિતમાં હોય છે સરવાળો,
ગુણાકાર, ભાગાકાર અને બાદબાકી.
જીવનમાં પણ પહેલા સરવાળો (પતિ+પત્ની)
પછી થયો ગુણાકાર (૨ x ૨ બાળકો)
પછી લગ્ન કરી બાળક અલગ થયાં,
થયો જીવનમાં ભાગાકાર (૪/૨)
અને હવે આખિરમાં થાય
બાદબાકી. બેમાંથી એક થાય વિદાય.
જીવનનું આ ગણિત જે જાણી લે છે
એ જ જીવન માણી શકે છે,
નહીં તો જીવનમાં ગોથાં ખાતો રહે છે.
ગણિત બહુ સહેલું છે
સમજવું બહુ મુશ્કેલ છે
સાચું સત્ય આ જ છે
બાકી સંસાર અસાર છે
વાત ગમે તો ગાઠે બાંધજો
નહીં તો અહીં જ પૂર્ણવિરામ માંડજો.

**પ્રેષક : બકુલચંદ્ર પી. લિમ્બાચીયા, લણવા હાલ યુ.કે.**

## પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

## તૃતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



વતન : લીંચ
તા. જિ. : મહેસાણા
ચુંવાળ જુથ ૪૨ સમાજ



### સ્વ. વાળંદ ડાહ્યાભાઈ સોમાભાઈ

**સ્વર્ગવાસ તારીખ : ૨૧-૪-૨૦૧૯**

### સ્વ. વાળંદ મંજુલાબેન ડાહ્યાભાઈ

**સ્વર્ગવાસ તારીખ : ૧૭-૪-૨૦૨૧**

આપની ચિરવિદાયને વર્ષો વીતી ગયાં. સમય ક્યાં કોઈની રાહ જુએ છે !!! સમય સરકતો ગયો અને બધા જ પોતાની જીંદગીમાં ગોઠવાઈ ગયા. હંમેશા અમારા આનંદમાં જ પોતાનો આનંદ શોધનાર સ્નેહ, વાત્સલ્ય અને કરુણામૂર્તિનું સાકાર સ્વરૂપ એવા અમારા બા-બાપુજી, સદૈવ અમારા ધબકતા હૈયામાં જીવંત છે. અમારામાં સિંચેલ સંસ્કારો, પ્રેરણા અને શિક્ષણ થકી અમારા જીવનને પ્રગતિશીલ બનાવનાર આપ બા-બાપુજીની આમ અચાનક વિદાય આજે પણ અમારા હૃદયને હચમચાવી દે છે. તમારા આત્માને પ્રભુ શાંતિ, સદ્‌ગતિ અને મોક્ષ આપે તેવી પ્રભુને પ્રાર્થના.

સ્વર્ગસ્થ કહેતા પરિવારના દરેક સભ્યને ગળે ડૂમો બાઝે છે. વિશાળ સંયુક્ત પરિવારને સાથે સાચવી કુદરતની અનેક મુશ્કેલીઓ, અડચણો અને આફતોની સામે ઝઝુમી અડીખમ ઊભા રહી વહેવારને તહેવાર સાચવી રાખીને જીવ્યા.

સતત એકબીજામાં ઓતપ્રોત રહેતો આ પરિવાર આપની આ અણધારી વિદાયથી આજે પણ દુઃખની લાગણી અનુભવી રહ્યો છે. અમારા આ સંયુક્ત પરિવારરૂપી માળાના મોભી એવા અમારા બા-બાપુજીને તેમની પુણ્યતિથિ નિમિત્તે ભાવભરી શ્રદ્ધાંજલિ આપી ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે પ્રભુ આપના આત્માને શાશ્વત શાંતિ અર્પે.

**-: સદૈવ આપની યાદોમાં :-**

**પરિવાર**

**વિપુલભાઈ**

નાયી વિપુલભાઈ ડાહ્યાભાઈ - પુત્ર
વાળંદ જ્યોત્સનાબેન વિપુલભાઈ - પુત્રવધૂ
વાળંદ ભાવિકકુમાર વિપુલભાઈ - પૌત્ર
વાળંદ આરતીબેન ભાવિકભાઈ - પૌત્રવધૂ
વાળંદ મયંકકુમાર વિપુલભાઈ - પૌત્ર
વાળંદ કાજલબેન મયંકભાઈ - પૌત્રવધૂ
વાળંદ આર્વિક ભાવિકભાઈ - પ્રપૌત્ર

**નિલેશભાઈ**

વાળંદ નિલેશભાઈ ડાહ્યાભાઈ - પુત્ર
વાળંદ પ્રજ્ઞાબેન નિલેશભાઈ - પુત્રવધૂ
વાળંદ સંકેતકુમાર નિલેશભાઈ - પૌત્ર
વાળંદ કુ. મિત્તલ નિલેશભાઈ - પૌત્રી

સરનામું : G-૫૦૩, અને G-૫૦૬, ગ્રીન સીટી, અર્જુન આશ્રમ રોડ,
નિર્ણયનગર, અમદાવાદ-૩૮૨૪૮૧ ● મો. : ૯૯૭૪૮૧૫૭૬૨, ૯૯૧૩૬૧૩૭૫૫

**શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ સદ્‌ગતને શ્રદ્ધાંજલિ પાઠવે છે**

Registered under R.N.I. No. 9377/1957. Permitted to post at Ahmedabad PSO
on 2nd day of every Month under Postal Registration No. GAMC-810/2022-2024
Dt. 21-10-2021 Valid upto 31-12-2024 issued by SSPO's Ahmedabad City Division



## શ્રદ્ધાંજલિ

## સ્વ. દિપકભાઈ શાંતિલાલ પારલેવાળા

**જન્મતારીખ : ૪-૭-૧૯૫૩**
**સ્વ. તારીખ : ૧૦-૪-૨૦૧૧**

જગતની દરેક સમૃદ્ધિ મળે પણ કલ્પવૃક્ષસમી આપની છાયા ક્યાંય ના મળે. જન્મ અને મૃત્યુ વચ્ચેના શ્વાસનો સરવાળો એટલે જીવન. જે કોઈ ફક્ત નિભાવે, કોઈ પસાર કરે, પણ કોઈ વિરલ વ્યક્તિત્વ જ તેને સાર્થક કરી જાણે છે.

છોડી અમારો સાથ. વસ્યા જઈ પ્રભુની પાસ. મમ હૃદયે રહ્યો કેવળ તમારી યાદનો સંગાથ, મોતી વેરૂ કે પુષ્પો વેરૂ ? અર્પવા તમને અર્પણો. મારા 'ભાઈબંધ'ને અર્પુ મમ અશ્રુઓ...

દાનવીર પિતશ્રી સ્વ. શાંતિલાલ પારલેવાળા અને માતૃશ્રી સ્વ. તારાબેનના સુપુત્ર એવા દિપકભાઈએ પોતાના નામ પ્રમાણે માવતરનું નામ પણ પ્રકાશિત રાખ્યું હતું. **"સત્કાર્ય આપની શોભા હતી. સજ્જનતા આપની 'સુવાસ' હતી. ઉદારતા આપનું જીવન હતું. પરોપકાર આપનું રટણ હતું."**

રાજકોટના સ્વ. કાનજીભાઈ હિરાણીની સુપુત્રી કુંદનબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયેલા હતા. જીવ્યા ત્યાં સુધી 'ભાઈબંધી' સુપેરે નિભાવી. તમે નજરોથી દૂર થઈ ગયા. હજુ જોઈતો હતો સંગાથ તમારો, ત્યાં તમે દૂર થઈ ગયા. પ્રેમાળ સ્વભાવ, સત્કર્મો-શિક્ષણપ્રેમી-ભક્તિમય જીવન અને સંસ્કારોના પાઠ તેમને પૂજ્ય માતા-પિતા પાસેથી વારસામાં મળેલા હતા.

***He was everything to me - My Best Friend - My Husband - My Love - My Piller of Strenth - My Support system for every Breathing Moments of me...***

ઘરમાં નથી પણ આપનું રોમેરોમમાં અસ્તિત્વ છે. દુનિયામાં નથી પણ દિલમાં અસ્તિત્વ છે. આપ નથી પણ આપની યાદોનું અસ્તિત્વ છે. અહિં નથી પણ આપનું પ્રભુના ચરણોમાં અસ્તિત્વ છે.

***We will love him & Lots Miss him for ever... He will shine like a star always....***

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય અને પવિત્ર આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના... આપના ઉચ્ચ ભક્તિમય જીવનના સ્મરણોને શ્રદ્ધાંજલી રૂપે આપના ચરણકમળમાં સમર્પણ કરૂં છું. ૐ નમઃ શિવાય !

**લી. ગં. સ્વ. કુંદનબેન દિપકભાઈ પારલેવાળા**
**તેમજ સમસ્ત પારલેવાળા પરિવાર**
મો. ૯૫૫૮૯૫૧૩૯૫

**ગુજરાત વાળંદ સેવા સંઘ સદ્ગતને શ્રદ્ધાંજલિ પાઠવે છે.**

Printed & Published by BALUBHAI BABABHAI PAREKH on behalf of SHREE GUJARAT VALAND SEVA SANGH and Printed at NAVPRABHAT PRINTING PRESS, 9, Punaji Industrial Estate, Dhobighat Cross Road, Dudheswar, Ahmedabad-380004, and Published from VALAND VIKAS Karyalaya, Gulbai Tekra, Opp. Pankaj Vidhyalaya, Ahmedabad-380006.
Editor - JAYANTIBHAI KARSHANBHAI LIMBACHIYA